સુવિચાર
એક વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવો એ મારી જવાબદારી છે. એ જવાબદારી હું નિષ્ઠાપૂર્વક નિભાવીશ તેવું વિચારે તો એ વિદ્યાર્થીને ભાગ્યે જ નિષ્ફળતા મળે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૧૦/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૪૬

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે 99782 23000
❖ હૃદયરોગ - બીપી
❖ શ્વાસ દમ ન્યુમોનિયા
❖ પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
❖ ડાયાબીટીસ - કીડની
❖ લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન

વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## શુભેચ્છકોનાં સહયોગથી મુળ ૧ કરોડનાં ફંડને બમણું કરવાનો લક્ષ્યાંક ૪ દિવસમાં ૭૫ ટકા પૂર્ણ

# અમરેલી ખાતે પી.પી. સોજીત્રા ફાઉન્ડેશન લોન સ્કોલરશીપ ચેક વિતરણ સમારંભ યોજાયો

શિક્ષણ ખાતાના કેબીનેટ મંત્રી ડો. કુબેર ડીંડોરના હસ્તે લોન સ્કોલરશીપની રકમના ચેકો અપાયા

સ્કોલરશીપ આપવા માટે વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિ, અભ્યાસમાં મેળવેલ મેરીટ અને કયાં અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો છે એ બાબતો ધ્યાનમાં લેવાશે : પી.પી. સોજીત્રા

આ સમારંભ અમરેલીનાં શિક્ષણ અને સામાજીક સેવા ક્ષેત્રમાં કાયમી યાદગીરી બની રહેશે : ડો. ભરત કાનાબાર

ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા અને પૂર્વ સાંસદ કાછડીયાની વિશેષ ઉપસ્થિતિ



અમરેલી, તા. ૧

પોતાના ૬૨માં જન્મદિને ૧ કરોડનું દાન જાહેર કરનાર અમરેલીના સ્વપ્નદ્રષ્ટા તથા અમરેલી શહેરના નાગરિકોની સુખાકારી માટે અનેક સુવિધાઓનું નિર્માણ કરનાર અને અમરેલીના ખેડૂતોને અતિઆધુનિક અને વિશાળ માર્કેટયાર્ડની ભેટ આપનાર પી.પી. સોજીત્રા દ્વારા રચિત પી.પી. સોજીત્રા ફાઉન્ડેશનને ૧ વર્ષ પુરૂં થતાં, ફંડના વ્યાજમાંથી મળેલ રકમમાંથી જરૂરિયાત મંદ પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે લોન–સ્કોલરશીપ આપવામાં આવી. આ સ્કોલરશીપોના ચેકો, પસંદ કરાયેલ વિદ્યાર્થીઓને આપવાનો કાર્યક્રમ પી.પી. સોજીત્રાના ૬૩માં જન્મદિન નિમિત્તે તા. ૨૯ સપ્ટેમ્બરના રોજ યોજાયો હતો.

અમરેલીના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વિવિધ સામાજીક અને જ્ઞાતિ સંસ્થાના હોદેદારો, ડોકટરો, વકીલો, વેપારીઓ અને અમરેલીના અગ્રગણ્ય નાગરિકોની વિશાળ હાજરીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### વાડીમાં ભાગીયુ રાખીને વસવાટ કરતા હતા

## લીલીયામોટા : આંબાનાં શ્રમિક યુવકનું વીજશોક લાગવાથી કમકમાટીભર્યુ મોત

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૧

લીલીયા તાલુકાના આંબા ગામે રહેતા કલ્પેશભાઈ મનસુખભાઈ સાવજની વાડીની ભાગવી રાખેલ વાડીએ આવેલ ઓરડી બહાર ગત તા. ૨૯ના સાંજે ૭થી રાત્રીના ૧૧ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે આંબા ગામે રહેતા અને ખેત મજુરી કામ કરતાં દદુભાઈ રામાભાઈ અમલ્યાર નામનાં ૨૮ વર્ષિય યુવકને ઈલેકટ્રીક પોલમાંથી કોઈ કારણોસર વીજ કરંટ લાગતા તેમને ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને લાવતા ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યાનું પોલીસમાં જાહેર કરેલ છે.

### દુર્લભનગરમાં રહેતા ભગવાનભાઈ નામના

## રાજુલાનાં પ્રૌઢ ખેડૂતને કપાસમાં છાંટતી વખતે ઝેરી દવાની અસર થઈ

### અમરેલી ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧

રાજુલાના દુર્લભનગરમાં રહેતા ભગવાનભાઈ પોપટભાઈ જીંજવાડીયા નામનાં ૫૫ વર્ષિય ખેડૂત આધેડ રાજુલા ગૌશાળા પાસે આવેલ મધુ

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાવનગર ખાતે ગઈકાલે સારવારમાં ખસેડાયા બાદ

## સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ચેતન માલાણી ઉપર જીવલેણ હુમલો કરનાર પિતા–પુત્ર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

### પુર્વ સાંસદ સહિતનાં આગેવાનો ખબર અંતર પુછવા હોસ્પિટલે પહોંચ્યા

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
66,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૫૬

અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકા ભાજપ મહામંત્રી ચેતન માલાણી ઉપર જીવલેણ હુમલો કરનાર ખડસલી ગામે રહેતા પિતા–પુત્ર વિરૂધ્ધ સ્થાનીક પોલીસે સેકશન ૧૦૯, ૧૧૭(૨), ૩૫૨, ૩૫૧(૩), ૩૨૪(૨) અને ૫૪ મુજબ ગુન્હો નોંધેલ છે.

ભાજપ મહામંત્રી એ ફરિયાદમાં જણાવેલ છે કે, અમરેલીનાં પુર્વ સાંસદ નારણભાઈ કાછડીયા સહિતનાં આગેવાનો ભાજપ મહામંત્રીનાં ખબર અંતર પુછવા ભાવનગર દોડી ગયા છે. ભાજપ મહામંત્રીની તબિયત સુધારા પર હોવાનુ જાણવા મળેલ છે.



સવારના અગયારેક વાગ્યે અમોએ અમારા ગામ ખડસલીમાં આવેલ ધોળીયા કુવા પાસેની ખુલ્લી જગ્યા સમથળ કરાવવા માટે એક જેસીબી મશીન લઈને હું ગયેલ હતો અને હું જેસીબી મશીનના ડ્રાઈવરને જમીન સરખી કરાવવાની હતી તે જમીન બતાવતો હતો તેવામાં અમારા ગામમાં રહેતા વજાભાઈ જગાભાઈ જોગરાણા તથા તેનો દીકરો દેવરાજભાઈ બંને

અનુસંધાન પાના ૬ ઉપર

### સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન શરૂ હોવા છતાં પણ

# બગસરા શહેરમાં પાલિકાનાં શાસકો સ્વચ્છતા જાળવવામાં નિષ્ફળ

માત્રને માત્ર ફોટો સેશન કરીને હાઈકમાન્ડ અને જનતાને ગેરમાર્ગે દોરવાનો નિષ્ફળ પ્રયાસ કરી રહ્યા છે

પાલિકા દ્વારા લગાવાયેલ સ્વચ્છતાનાં સંદેશની નીચે જ ગંદકીનો માહોલ જોવા મળે

પાલિકાનાં કમિશનર અને શહેરી વિકાસ વિભાગે પણ જરૂરી સુચના આપવી જોઈએ

શહેરીજનો ખોબલે ખોબલે મત આપે છતાં પણ શાસકોને સ્વચ્છતા જેવું કાર્ય પણ કરવું નથી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧

હાલમાં ચાલી રહેલ સ્વચ્છતાઅભિયાનઅંતર્ગતશહેરમાંઠેક ઠેકાણેગંદકીતથાસફાઈ કરવામાંઆવી રહીછે.ત્યારેબગસરાપાલિકાદ્વારાફકત ફોટા પડાવી સ્વચ્છતા ઝુંબેશની કામગીરીહાથધરવામાંઆવીછે.ત્યારે અનેક જગ્યાએ સ્વચ્છતા અભિયાન અંતર્ગતનાટકોપણકરવામાંઆવીરહ્યા છે.એવામાંવાસ્તવમાંબગસરાપાલિકા દ્વારા સફાઈ અભિયાન દરમિયાન વાસ્તવમાં ફકત નાટક જ કરી રહી હોય તેવુંલાગીરહ્યુંછે.એકતરફસરકારદ્વારા સફાઈ અભિયાન માટે લોકોને જાગૃતિ લાવવાનીકોશિષકરેછેત્યારેબીજીતરફ પાલિકાદ્વારાસફાઈનાબેનરનીનીચેજ કચરાનાગંજજોવામળતાલોકોમાંપણ કુતુહલજોવામળીરહ્યુંછે.પાલિકાદ્વારા સફાઈઅભિયાનનાફકતફોટાપડાવીને મસ મોટા બિલો પાસ કરાવી સત્તાધીશોના ખિસ્સા ભરવા માટે જ કામગીરીથઈરહીછે.એકતરફપાલિકા દ્વારાજજયાંત્યાંકચરોનાખવોનહિઅને સ્વછતાજાળવવીનાનારાઅનેદીવાલોમાં પણલખવામાંઆવેછેત્યારેએજદીવાલો નીચે કચરાના ઢગલા જોવા મળતા સરકારના રૂપિયાનું આંધણ કરીસફાઈ કામગીરી કરી પોતાના ઘર ભરવા માટે જાણેસફાઈ જુંબેશચલાવીરહ્યાહોયતેવું લાગી રહયું છે. શું આવી જ રીતે સફાઈ કામગીરી કરવામાંઆવે છે કે પછીફકત ફોટા સેશન ચાલી રહ્યું છે. તેવા અનેક પ્રકારનાસવાલો શહેરની જનતા દ્વારા તેમજ જાગૃત નાગરીક દ્વારા પાલિકા સામેઉઠીરહ્યાંછે.

### ઘણા સમયથી પગની નસનો દુઃખાવો હતો

## અમરેલીનાં વેપારી અગ્રણી રમણભાઈ ગેડીયાનું અનંતા હોસ્પિટલમાં સફળ ઓપરેશન

### ડો. ઉત્સવ ઉનડકટે પગનો દુઃખાવો દુર કર્યો

અમરેલી, તા. ૧

અમરેલીનાં વેપારી અગ્રણી રમણભાઈ ગેડીયા છેલ્લા થોડા દિવસોથી પગની નસ દબાઈ જવાથી પગનો અસહય દુઃખાવો સહન કરતા હતા અને હવે તેઓનો દુઃખાવામાંથી છુટકારો થયો છે.

અમરેલીનાં જાણીતા ડો. ડી.એમ. ઉનડકટનાં દિકરો ડો. ઉત્સવે અમદાવાદ ખાતે શરૂ કરેલ અતી આધુનીક સારવાર કરતી અનંતા હોસ્પિટલ ખાતે વેપારી અગ્રણીનાં પગનુ સફળ ઓપરેશન કરતા વેપારી અગ્રણીએ ડો. ઉત્સવનો આભાર માન્યો હતો.



### વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ ઘરઆંગણે

## અમરેલી તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમમાં ૨૧૦૮ અરજીઓનો સ્થળ પર નિકાલ

### સાંસદ ભરતભાઈ સુતરિયા, પદાધિકારી, અધિકારીઓની ઉપસ્થિતિ



અમરેલી, તા. ૧

રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળ તાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શીઅભિગમતેમજસુશાસનનેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયોછે. મહત્વનુંછે કે, આગામી તા. ૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગતતાલુકાદીઠ ૩ અનેનગરપાલિકા મહાનગરપાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે.

રાજય સરકારના વિવિધ વિભાગોની પપ જેટલી જનકલ્યાણલક્ષી સેવા–સુવિધા સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. આજરોજ અમરેલી તાલુકા ગ્રામ્ય સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ રાંઢીયા પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો. રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે ૨,૧૦૮ અરજીઓનો હકારાત્મકનિકાલકરવામાંઆવ્યોહતો.

૧૪૧૨૦ પશુઓનું રસીકરણ, ૪૦૦ પશુ રસીકરણ કીટ વિતરણ, આરોગ્યવિભાગઅંતર્ગતકુલ ૩૩૬ મેડિસીનસારવાર, આધારકાર્ડમાં સુધારા બાબતની ૮૭ અરજી, ૨૧ આવકના દાખલા, ૩૮ આરોગ્ય ચકાસણી–ડાયાબિટીસબીપીસહિતની બાબતોની ચકાસણી, ૨૯ રાશનકાર્ડ ઈ–કેવાયસી બાબતની અરજી, ૨૫ પશુઓની ગાયનેકોલોજી સારવાર, ૧૯ જાતિપ્રમાણપત્રોબાબતનીઅરજી, ૨૧ આવકના દાખલા અંગેની અરજી, રાશનકાર્ડમાં નામ દાખલ, સુધારા અને નામ કમી કરવાની ૨૪ અરજી, કુલ ૦૫ પીએમ કિસાન પોર્ટલ રજીસ્ટ્રેશન, ૦૨ વિધવા સહાયની અરજી, ૦૨ નિરાધાર વૃદ્ધ અને દિવ્યાંગ સહાય બાબતની અરજી સહિત ૨,૧૦૮ અરજી બાબતે હકારાત્મકનિકાલકરવામાંઆવ્યોહતો.

અમરેલીના રાંઢીયા પ્રાથમિકશાળાખાતેઆયોજિતસેવાસેતુ કાર્યક્રમમાં અમરેલી તાલુકા ગ્રામ્ય કલસ્ટરના ૨૦ જેટલા ગામ સમાવિષ્ટ છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજયસરકારના પારદર્શીઅભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

રાંઢીયા મુકામે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, અમરેલી તાલુકા પંચાયત કારોબારી ચેરમેન જે.બી દેસાઈ, તાલુકા પંચાયત સભ્ય ગુણવંતભાઈ સાવલિયા, વિવિધ ગામના સરપંચ, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસિયા, અમરેલી પ્રાંત અધિકારી નાકીયા, ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી જયેશ કટેશિયા, નાયબ મામલતદાર સુકભાઈ, અગ્રણીઓ, પદાધિકારીઓ, મહાનુભાવો અને નાગરિકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્યના વતનમાં પણ શહેરીજનોને સુવિધા મળતી નથી

## ચલાલામાં સફાઈનાં અભાવે ઠેકઠેકાણે ગંદકીના ગંજ ખડકાયા : વીજધાંધીયાથી પણ શહેરીજનો પરેશાન

### જાગૃત એડવોકેટ શાંતિલાલ રાઠોડે તંત્રને ઢંઢોળવાનો કર્યો પ્રયાસ



અમરેલી, તા. ૧

ચલાલા નગરપાલિકામા સફાઈ કર્મચારીઓને પગાર નહી ચુકવાતા હડતાલ પર છે જેથી છેલ્લા ઘણા સમયથી ચલાલા નગરમા સફાઈનો અભાવ જોવા મળી રહયો છે તેમજ મેઈન બજારની શેરીઓ માથી ગટરો ઉભરાતા ચલાલા શહેરનો હાર્દસમો વિસ્તાર જે મેઈન બજાર તથા શાક માર્કેટ મા ગંદકીનુ સામ્રાજય ફેલાઈ રહેલ છે આ ગંદકીના કારણે ચલાલા નગરની શોભા બગડી રહેલ છે આ બાબતે નગરપાલીકામા ઘણી રજુઆતો છતાં નગરપાલિકાનુ નિંભર તંત્ર કશુ જ ધ્યાને લઈ રહેલ નથી ચલાલા નગરમા સઘન સફાઈ કરાવાને બદલે ચલાલા નગરપાલિકાનુ તંત્ર જાહેર જનતાની સુખાકારીને બદલે નગરને ધણીધોરી વગરનુ સમજી ગંદકીના હવાલે કરી જાહેર જનતાના આરોગ્ય સામે જોખમ ઉભુ કરી દીધેલ છે. માત્ર વેરાઓ ઉઘરાવવા પુરતી જ પોતાની ફરજ સમજવાને બદલે નગરપાલિકાનુ તંત્ર યુધ્ધના ધોરણે સફાઈ કરાવશે તેવુ અહીની જનતા ઇચ્છી રહી છે. તેમજ છેલ્લા ઘણાં સમયથી ચલાલા નગરમા ગમે ત્યારે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે આ ભીષણ ગરમીના દિવસોમા વીજળી ખોરવાઈ જતાં બાળકો વૃધ્ધો તથા બીમાર દર્દીઓની હાલત કફોડી થઈ જાય છે. આવા સમયમા વિશેષ કાળજી રાખી વીજતંત્ર એક જવાબદાર તંત્ર તરીકે પોતાની ફરજ અદા કરશે તેવી અપેક્ષા જનતા રાખી રહી છે.

ધારાસભ્યનુ ગામ કચકડા જેવુ હોવુ જોઈએ તેને બદલે કોઈપણ તંત્ર શિક્ષણ, આરોગ્ય, વીજતંત્ર, નગર પાલિકા, એસ.ટી. વિગેરે તંત્રની ચલાલા પ્રત્યે જાણે કોઈ જવાબદારી જ ન હોય તે રીતે વર્તી રહેલ છે. ચુંટણી ટાણે સેવકોનો રાફડો ફાટશે જયારે હાલ જરૂરતના સમયે કોઈપણ માઈનો લાલ ચલાલા નગર માટે અવાજ ઉઠાવવા માટે તૈયાર નથી. નગરપાલિકાનુ નિંભર તંત્ર વેરાઓ ઉઘરાવવા તેમજ ગરીબોના ડીમોલીશન માટે હરહંમેશ સાબદુ રહેનાર તંત્ર જાહેર સ્વચ્છતા તેમજ જાહેર સુખાકારી અને આરોગ્ય પ્રત્યે બિલકુલ બેજવાબદાર અને કુંભકર્ણ સાબીત થઈ રહેલ છે. ન.પા. તંત્રએ યુધ્ધના ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા કરી શહેરની સફાઈ કરાવવી અત્યંત જરૂરી જ નહી અનિવાર્ય છે. ચલાલા નગર પ્રત્યે ઓરમાયુ વર્તન દાખવતા આવા અધિકારીઓ કર્મચારીઓને ફરજનિષ્ઠ બની ફરજ બજાવવા અહિના એડવોકેટ શાંતિલાલ એમ. રાઠોડ તરફથી અનુરોધ કરવામા આવેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પિતૃઓના શ્રાદ્ધ નિમિતે...
• મોહનથાળ...
• બુંદી...
• મગીયા લાડું...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

### યુવા નેતા મનિષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

## અમરેલી જીલ્લાનાં ૪૦ મંત્રી અને મેનેજરો માટે ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાયો

### નવી દિલ્હી ખાતે કાર્યક્રમ યોજાયો




અમરેલી, તા. ૧

અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લાની સહકારી મંડળીઓના ૪૦ મંત્રી, મેનેજર અને સદસ્યોને ન્યુ દિલ્લી એનસીયુઆઇ ખાતે પ્રશિક્ષણ હેતુ મોકલવામાં આવ્યા છે જેનો યુવા નેતા મનીષ સંઘાણી અને એન.સી.સી.આઇ. નાં ડેપ્યુટી ડાયરકટર સાવિત્રી સિંહજીની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો જયારે આ તાલીમ દરમિયાન અમરેલી જીલ્લાની સહકારી સદસ્યો અને મંત્રી, મેનેજર સહકારીતાનાં વિવિધ વિષયો પર વિષય નિષ્ણાતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવશે જેનાથી અમરેલી જીલ્લાની સહકારી ગતિવિધિને આગળ વધારવા વેગ મળશે.

## ભાજપનાં રાજમાં ભાજપનાં જ આગેવાનો કરે છે ભ્રષ્ટાચારનો પર્દાફાશ

# હે રામ : સાવરકુંડલામાં ૨૪ કરોડનાં ખર્ચે ચાલતા કામમાં દે ધનાધન

**ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની દ્વારા ચાલતાં ૨૪ કરોડનાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં કાર્યમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આક્ષેપ**

**જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બનતા વિકાસ કાર્યોમાં લૉટ, પાણી ને લાકડા જેવું કાર્ય થાય તે કેમ ચાલે**

**ધારાસભ્ય અને સાંસદે પણ નબળુ કામ થતું હોય તો વિજીલન્સ તપાસ માંગવી જરૂરી**

**ભાજપનાં પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલે ઉચ્ચકક્ષાએ પત્ર પાઠવીને ફરિયાદ કરી**



સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલામાં ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની લિમિટેડ અંતર્ગત અંકિતા કન્સ્ટ્રક્શન કંપની દ્વારા હાલમાં સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું કામ ચાલી રહ્યું છે. જે કામ ટેન્ડર મુજબ થતું નથી અને બિલકુલ નબળું કામ થઈ રહ્યું છે અને સરકારના કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. આ કામમાં વપરાતું મટીરીયલ્સ સાવ હલકી ગુણવત્તાનું વાપરવામાં આવે છે તેમજ ટેન્ડરમાં દર્શાવ્યા કરતા સાવ ઓછું મટીરીયલ્સ વાપરી કામ કરવામાં આવી રહ્યું છે. આ કામમાં વપરાતી કપચી ૨૦ એમએમની જગ્યાએ નાની સાઈઝની અને કાચા પથ્થરની ટીપકીવાળી વાપરવામાં આવે છે. આરસીસીના કામમાં સિમેન્ટ સાથે ડસ્ટ (પથ્થરનો ઝીણો ભૂકો) વાપરવામાં આવે છે.

આ કામનું કોન્ક્રીટ કામ એકદમ રફ અને સ્ટીલ દેખાય તેવું કરવામાં આવી રહ્યું છે જેથી ભવિષ્યમાં સ્લેબ અને કોલમ તૂટવાની શકયતા છે તેમજ કોન્ક્રીટ કામમાં મજબૂતી માટે અમુક ટકા કેમિકલ વાપરવાનું હોય છે પણ અહીં આ કેમિકલનો વપરાશ કરવામાં આવતો નથી. કોન્ક્રીટ કામમાં સેન્ટીંગ જે વાપરવામાં આવે છે તેમાં કોઈ પણ પ્રકારનું લેવલ નથી તથા જે પ્લેટ વાપરવામાં આવે છે તેમાં ઓઈલ લગાડવામાં આવતું નથી તથા સ્ટીલ બાંધ્યા બાદ તેની નીચે કવર પેકિંગ મૂકવામાં આવતું નથી જેથી સ્ટીલ સેન્ટરમાં બરોબર રહેતું નથી અને નીચે કોન્ક્રીટમાં સ્ટીલ દેખાય છે અને આ કામમાં જે સ્ટીલ વાપરવામાં આવે છે તે સ્ટીલ ડિઝાઈન મુજબ બિલકુલ વાપરવામાં આવતું નથી. અને આ કામમાં વપરાતું સ્ટીલ કલર કોટેડને બદલે સ્થળ ઉપર સ્ટીલને કલર કરી વાપરવામાં આવી રહ્યું છે. તેમજ જે સ્ટીલ વાપરવામાં આવી રહ્યું છે તે સ્ટીલ વેન્ડર લીસ્ટમાં આપવામાં આવેલ છે તેના બદલે હલકી અને નિમ્ન ગુણવત્તાનું વાપરવામાં આવે છે. આ એજન્સી દ્વારા આ કામમાં જે સ્ટીલ વાપરવામાં આવે છે તે સ્ટ્રકચર એન્જિનિયર પાસે એપ્રુવલ કરાવેલ હોય તેના કરતાં બીજી ડમી કોપી બનાવી તેમાં સ્ટીલ ડિઝાઈનમાં ફેરફાર કરીને કામના સ્થળે રાખી તે મુજબ ઓછું અને હલકી ગુણવત્તાનું સ્ટીલ વાપરી કામ કરી રહ્યા છે. એજન્સી દ્વારા આ કામમાં કોલમમાં ઊભા કરવામાં આવેલ સ્ટીલના સળિયા સ્લેબમાં જોઈન્ટ કરવાને બદલે અડધો સળીયો વાપરીને પછી પાછો બીજો સળીયો જોઈન્ટ કરીને સ્લેબ સુધી પહોંચાડવામાં આવે છે. જેથી ભવિષ્યમાં તે જગ્યાએથી કોલમ તૂટવાની શકયતા રહે છે અને જે સ્ટીલની રીંગ બનાવવામાં આવે છે તેમાં યોગ્ય લંબાઈને બદલે બે કડી ભેગી કરીને વાપરવામાં આવે છે. તદઉપરાંત આ કામમાં વપરાતી સિમેન્ટ વેન્ડર લીસ્ટ મુજબ કરતા મીની પ્લાન્ટની વાપરવામાં આવી રહી છે, કોન્ક્રીટ થઈ ગયા પછી તેનું કયોરીંગ પિરિયડ કરતાં સાવ ઓછા સમય સુધી પાણીનુ કયોરિંગ કરવામાં આવી રહ્યું હોય ભવિષ્યમાં તેની ગુણવત્તા ઉપર પ્રશ્નાર્થ રહેશે. આ એસટીપીના કામમાં ટેન્ડર મુજબ કોન્ક્રીટ બનાવવા માટે બેચિંગ પ્લાન્ટનો ઉપયોગ કરવાનો હોય છે પરંતુ અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા નબળા કામનો રેકોર્ડ તોડવો હોય એમ એજન્સી દ્વારા મિક્ર મશીન અને મજૂરો દ્વારા હાથથી કોન્ક્રીટ મિકસ કરી તેનો ઉપયોગ કરે છે જે અતિ ગંભીર બાબત છે. તેમાં વજન પ્રમાણે કપચી, સિમેન્ટ, રેતી અને પાણી મિકસ કરવાને બદલે આડેધડ મટીરીયલ નાખી ગુણવત્તા વગરનું કામ કરી રહ્યા છે. આ એસટીપીના કામમાં કોલમના ફાઉન્ડેશનમાં સીસી પિરામિડ કરવાના બદલે એજન્સી દ્વારા સીધું કોંક્રીટ ભરીને જમીન લેવલ સુધી જ કોંક્રીટ કામ કરવામાં આવી રહ્યું છે. આ અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા આ એસટીપીના કામમાં કોન્ક્રીટ ભરેલા કોલમના સેન્ટીંગ કામ એકદમ લાઈન લેવલ વગરના હોવાથી કોલમ પણ લેવલ વગરના છે જેથી તે સ્લેબમાં જોઈન્ટ થાય તેમાં પણ લેવલ મળતું નથી જેથી સ્લેબ નીચે પડવાની શકયતા રહે છે. આ પ્રોજેકટમાં વાપરવામાં આવતા કોંક્રીટ બ્લોકને બદલે ફલાય એશ બેલા વાપરવામાં આવે છે, જેથી આ કામ ટૂંક સમયમાં જર્જરીત થઈ શકે તેમ છે.

અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા ચાલતા આ કામના સ્થળે કોઈપણ પ્રકારની ઈન્ફોર્મેશન દર્શાવતું બોર્ડ લગાવેલ નથી તેમજ આ સાઈટ ઉપર કોઈ જવાબદાર વ્યકિત, સરકારી એન્જિનિયર તેમજ થર્ડ પાર્ટી એન્જિનિયર હાજર હોતા નથી જેથી કામની ગુણવત્તા અને ચોકસાઈ ઉપર સવાલ ઊભા થાય છે તેમજ એજન્સીને ભ્રષ્ટાચાર કરવાનો માર્ગ મોકળો મળે છે.

સાવરકુંડલામાં જીયુડીસી અંતર્ગત અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા એસટીપીનું કામ થઈ રહ્યું છે તેમાં જે આરસીસી પાઈપલાઈન પહોંચાડવામાં આવી છે તે પાઈપ હલકી ગુણવત્તાની છે, અને એમપી–૩ પ્રકારની પાઈપ નથી તેમજ તેમાં કોઈ પણ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવેલ નથી તથા આ પાઈપ કોઈપણ પ્રકારના લેવલમાં નાખેલ નથી જેથી પાઈપલાઈન દ્વારા ગટરનું પાણી પ્લાન્ટ સુધી પહોંચાડવામાં પ્રશ્નાર્થ રહેશે.

અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા આ એસટીપીના કામનું જે જગ્યા પર એપ્રુવલ કરાવેલ છે તે સ્ટ્રકચર એન્જિનિયર અને તેની એજન્સી નું અસ્તિત્વ છે કે બોગસ સ્ટ્રકચર એન્જિનિયર છે તેવી પણ શંકા સેવાઈ રહી છે. કેમકે સાવરકુંડલા શહેરમાં જીયુડીસી અંતર્ગત વર્ષ ૨૦૧૨/૧૩માં પણ અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા જે ગટર લાઈનનું કામ કરેલ છે તે ગટર વ્યવસ્થા સદંતર નિષ્ફળ ગયેલ હતી. અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા ભૂતકાળમાં સાવરકુંડલા શહેરમાં જે ગટર લાઈન નાખવામાં આવી હતી તેમાં ગટર લાઈનનું પાણી નાવલી નદીમાં મેઈન લાઈન જોડાવીને એસટીપી સુધી લઈ જવાનું હતું પરંતુ એજન્સી દ્વારા નબળી ગુણવત્તાની પાઈપલાઈન નાખેલ હતી જેથી આજ સુધી ગટરનું પાણી એસટીપી સુધી પહોંચેલ નથી. આ ગટર લાઈનના કામમાં પણ અંકિતા કન્સ્ટ્રકશન કંપની દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલ હતો તેમ છતાં વારંવાર આ એજન્સીને જ જીયુડીસીના કરોડો રૂપિયાના કામોનો કોન્ટ્રાકટ મળે છે. જેનું કારણ કદાચ એ છે કે જીયુડીસીના જવાબદાર અધિકારી ભાવેશભાઈ ખેતાણીની છત્રછાયા આ એજન્સી ઉપર રહેલી છે અને લોકમુખે ચર્ચા મુજબ સાવરકુંડલાના એસટીપીના આ કામમાં અંકિતા કન્સ્ટ્રકશન એજન્સી સાથે ખાનગીમાં ભાગીદારી પણ તેઓએ કરેલ છે.

હાલમાં જયારે દેશના પ્રમાણિક અને નિષ્ઠાવાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના પ્રમાણિક અને સરળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા લોકોની સુખાકારી વધે અને રાજયનો પ્રમાણિકપણે મજબૂત વિકાસ થાય તેવી કામગીરી કરી રહ્યા છે અને સાવરકુંડલાના પ્રમાણિક અને કર્મઠ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા પણ વિકાસના દરેક કામો ગુણવત્તાસભર અને ભ્રષ્ટાચારમુકત થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે જીયુડીસીના અમુક ભ્રષ્ટાચારી અધિકારીઓ અને અંકિતા કન્સ્ટ્રકશન કંપનીની મીલીભગતથી આ કામમાં નબળું અને હલકી ગુણવત્તાનું કામ કરી સરકારના કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે અને જનતાના પરસેવાના ટેકસના કરોડો રૂપિયા વ્યર્થ જઈ રહ્યા હોય. આ અંગે ત્વરિત તટસ્થતાથી વિજિલન્સ તપાસ કરવામાં આવે તેમજ આ કામમાં નબળું કામ કરી ભ્રષ્ટાચાર કરનાર અંકિતા કન્સ્ટ્રકશન કંપનીનું ટેન્ડર રદ કરવામાં આવે અને તેને ચૂકવેલ નાણાંની રિકવરી કરવામાં આવે અને આ એજન્સીને બ્લેકલિસ્ટ કરવામાં આવે. તદઉપરાંત આ કામના ભ્રષ્ટાચારમાં સામેલ જીયુડીસી વિભાગના જવાબદાર અધિકારીને ફરજ મોકૂફ કરવામાં આવે અને તેની વિરૂદ્ધ કાયદેસરના શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે તેવી રજૂઆત સાવરકુંડલા શહેર ભાજપ પૂર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને જીયુડીસીના ચેરમેન, મેનેજિંગ ડિરેકટર તેમજ વાઈસ પ્રેસિડેન્ટ ને લેખિતમાં કરવામાં આવેલ છે.















### મેચના પાંચમા દિવસે ભારતે સાત વિકેટથી જીત મેળવી હતી

# બે દિવસની અંદર ભારતે કાનપુર ટેસ્ટ જીતી, બાંગ્લાદેશને ૭ વિકેટથી હરાવ્યું

### ટીમ ઈન્ડિયા માટે યશસ્વી જયસ્વાલે બંને દાવમાં અડધી સદી ફટકારી હતી બોલિંગમાં જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી હતી

નવીદિલ્હી,તા.૦૧

ભારતે કાનપુર ટેસ્ટમાં જીત મેળવી છે. મેચના પાંચમા દિવસે ભારતે સાત વિકેટથી જીત મેળવી હતી. કાનપુર ટેસ્ટમાં ભારતને જીતવા માટે ૯૫ રનનો સ્કોર મળ્યો હતો પરંતુ રોહિત શર્મા (૮) રનના રૂપમાં ભારતીય ટીમને પહેલો ઝટકો મેહદી હસન મિરાજે આપ્યો હતો. આ પછી આવેલા શુભમન ગિલ (૬)એ આવતાની સાથે જ સિક્સર ફટકારી હતી, પરંતુ એલબીડબ્લ્યૂ આઉટ થયો હતો.કાનપુરમાં રમાયેલી શ્રેણીની બીજી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશને ૭ વિકેટે હરાવીને ૨-૦થી ક્લીન સ્વીપ કર્યું હતું. કાનપુરમાં રમાયેલી ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાએ રોમાંચક જીત મેળવી હતી. લગભગ ત્રણ વખત વરસાદને કારણે મેચમાં વિક્ષેપ પડ્યો હતો. જેના કારણે ચાહકોને એવું લાગવા લાગ્યું હતું કે આ મેચનું પરિણામ ડ્રો સિવાય બીજું કંઈ નહીં હોય પરંતુ ભારતે ટી-૨૦ સ્ટાઈલમાં બેટિંગ કરી મેચ જીતી લીધી હતીટીમ ઈન્ડિયા માટે યશસ્વી જયસ્વાલે બંને દાવમાં અડધી સદી ફટકારી હતી. બોલિંગમાં જસપ્રીત બુમરાહે સૌથી વધુ ૬ વિકેટ લીધી હતી. બુમરાહે બંને ઈનિંગ્સમાં ૩-૩ વિકેટ લીધી હતી. ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મેચના પહેલા જ દિવસે વરસાદ વરસ્યો હતો. જેના કારણે મેચ એક કલાક મોડી શરૂ થઈ. આ ઉપરાંત લંચ બ્રેક દરમિયાન પણ વરસાદ જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે માત્ર ૩૫ ઓવર જ રમાઈ શકી, જેમાં બાંગ્લાદેશે ત્રણ વિકેટે ૧૦૭ રન કર્યા હતા.ત્યારબાદ બીજો દિવસ વરસાદમાં સંપૂર્ણપણે ધોવાઈ ગયો હતો. આ પછી ચાહકોને આશા હતી કે તેઓ ત્રીજા દિવસે રમત જોવા મળશે, પરંતુ એવું થયું નહીં અને ત્રીજો દિવસ પણ વરસાદના કારણે એકપણ બોલ ફેંકાયા વિના ધોવાઈ ગયો હતો.

મેચના ચોથા દિવસે ભારતીય ટીમે બાંગ્લાદેશને ૨૩૩ રનમાં ઓલઆઉટ કરી દીધું. પછી તે જ દિવસે તેની પ્રથમ ઈનિંગમાં ૨૮૫ રન કરી દાવ ડિક્લેર કરી લીધો હતો. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં ૫૨ રનની લીડ મેળવી હતી. ભારત માટે આ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૧૨ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી સૌથી વધુ વ્યક્તિગત ૭૨ રન બનાવ્યા હતા. આ સિવાય કેએલ રાહુલે ૭ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૬૮ રન બનાવ્યા હતા.ત્યાર બાદ પાંચમા દિવસે તેની બીજી ઈનિંગમાં બાંગ્લાદેશ પ્રથમ સેશનમાં માત્ર ૧૪૬ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને ભારતને માત્ર ૯૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ટીમ ઈન્ડિયાએ બીજા સેશનમાં જ નાના લક્ષ્યાંકને ૩ વિકેટના નુકસાને વિજય હાંસલ કર્યો હતો. આ દરમિયાન જયસ્વાલે ૪૫ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગાની મદદથી ૫૧ રનની સૌથી મોટી ઈનિંગ જોવા મળી હતી

### આ પદની કમાન પૂર્વ રક્ષા મંત્રી અને તેમની જ પાર્ટીના નેતા શિગેરુ સંભાળશે

# જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાએ તેમની કેબિનેટ સહિત રાજીનામું આપ્યું

### જાપાનમાં સત્તા પરિવર્તન બાદ પણ ભારત અને જાપાન વચ્ચેના સંબંધો મજબૂત રહેશે

જાપાન ,તા.૦૧

ભારતના મિત્ર અને જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદાએ સ્પદ પરથી રાજીનામું આપી દીધું છે. કિશિદાની સાથે તેમની આખી કેબિનેટે પણ રાજીનામું આપી દીધું હતું. આ પછી તરત જ શિગેરુ કિશિદા વડાપ્રધાન તરીકે શપથ લઈ શકે છે. જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ કિશિદા અને તેમની કેબિનેટના રાજીનામાની પુષ્ટિ કરી છે. કિશિદાનો કાર્યકાળ ત્રણ વર્ષ સુધી ચાલ્યો હતો, પરંતુ ભ્રષ્ટાચારનો આરોપ લાગતા તેમને પદ છોડવું પડ્યું હતું.

ભ્રષ્ટાચારના અનેક ગંભીર આરોપોને કારણે કિશિદા અને તેમના કેબિનેટ મંત્રીઓને રાજીનામું આપવાની ફરજ પડી છે. હવે જાપાનમાં નવા વડાપ્રધાનની નિમણૂક અને પછી નવી સરકારની રચનાથી ભારત સહિત સમગ્ર એશિયા પર નવી અસર પડશે. તેથી, શિગેરુ ઈશીબા કોણ છે તે વિશે જાણવું મહત્વપૂર્ણ છે.

તમને જણાવી દઈએ કે જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ યોશિમાસા હયાશીએ આજે આ જાહેરાત કરી અને કહ્યું કે કિશિદા અને તેમના મંત્રીઓએ મંગળવારે કેબિનેટની બેઠકમાં તેમના રાજીનામા સુપરત કર્યા. આ પછી શિગેરુ કિશિદા માટે વડાપ્રધાન બનવાનો રસ્તો સાફ થઈ ગયો છે. શિગેરુ કિશિદા શુક્રવારે સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના નેતા તરીકે ચૂંટાયા હતા. જેથી તે કિશિદાનું સ્થાન લઈ શકે. કિશિદાએ તેમના ત્રણ વર્ષના કાર્યકાળના અંતે ઓગસ્ટમાં રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. સંસદમાં આજે મતદાન થયા પછી, ઈશિબાનું વડા પ્રધાન બનવું નિશ્ચિત છે, કારણ કે તેમની પાર્ટીના શાસક ગઠબંધન પાસે સંસદમાં બહુમતી છે.જાપાનમાં વડાપ્રધાન ભલે બદલાયા હોય પણ સત્તાધારી પક્ષ એ જ રહે છે. તેથી ભારત સાથેના સંબંધો પર વધુ અસર નહીં થાય. કોઈપણ રીતે, વડા પ્રધાન બન્યા પછી, શિગેરુ ઈશિબા તેમના નવા મંત્રીમંડળની જાહેરાત કરશે અને ટૂંક સમયમાં દેશમાં ચૂંટણીની પણ જાહેરાત કરશે.

ઈશિબાએ સોમવારે કહ્યું હતું કે મંગળવારે દેશના વડા પ્રધાન તરીકે ઔપચારિક રીતે ચૂંટાયા બાદ તે ૨૭ ઓક્ટોબરે સંસદીય ચૂંટણી યોજવાનું આયોજન કરી રહી છે. ઈશિબાએ સોમવારે તેમની કેબિનેટની રચના કરતા પહેલા પાર્ટીના ટોચના નેતૃત્વની જાહેરાત કરતી વખતે ચૂંટણીની તારીખનો ઉલ્લેખ કર્યો હતો.

જો ચૂંટણી બાદ ઈશિબાની પાર્ટી જીતે છે તો તેઓ ફરીથી વડાપ્રધાન બની શકે છે. ઈશીબાનું વડાપ્રધાન બનવું એ ભારત માટે સારો સંકેત છે. પીએમ મોદી અને ભારત વચ્ચેના સંબંધો તેમની પાર્ટીના નેતા ફ્યુમિયો કિશિદા કરતા સારા કેમ રહ્યા છે. બીજી મહત્વની વાત એ છે કે ચીન ભારત અને જાપાનનો સંયુક્ત રીતે કટ્ટર દુશ્મન છે. આવી સ્થિતિમાં જાપાનમાં સત્તા પરિવર્તન બાદ પણ ભારત અને જાપાન વચ્ચેના સંબંધો મજબૂત રહેશે.

### પાકિસ્તાને છ સરકારી વિભાગોના પાટીયા પાડી દીધા

# ભૂખમરાની સ્થિતિમાં ધીમે ધીમે સરકી રહેલા પાકિસ્તાનની આર્થિક સ્થિતિ કથળી

### સરકારી નોકરીની દોઢ લાખ જગ્યાએ રાતોરાત બંધ કરી દેવામાં આવી

પાકિસ્તાન,તા.૦૧

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, ઉછીના રૂપિયા લેવા માટે સરકારી વિભાગો બંધ કરી દેવા પડ્યા છે. એટલુ જ નહીં, સરકારી નોકરીની દોઢ લાખ જગ્યાએ રાતોરાત બંધ કરી દેવામાં આવી છે. આમ કરવાથી પાકિસ્તાન સરકારનો ખર્ચ બચી જશે તેમ પાકિસ્તાનની શાહબાઝ સરકારનું માનવું છે.

પાકિસ્તાન સરકાર તો એવો પણ સરમુખ્યાર જેવો નિર્ણય લેવા જઈ રહી છે કે, જે વ્યક્તિ પાકિસ્તાનમાં વેરો ભરતી હોય તેને જ નવુ વાહન કે મિલકત ખરીદવાની મંજૂરી આપવી.

જો વેરો નહીં ભરતા હોય તેમને નવા વાહન કે મિલકત ખરીદવાની મંજૂરી નહીં આપવામાં આવે.ભૂખમરાની સ્થિતિમાં ધીમે ધીમે સરકી રહેલા પાકિસ્તાનની આર્થિક સ્થિતિ બહુ જ અત્યંત ખરાબ સ્તરે પહોંચી છે. આર્થિક સંકટથી બચવા માટે પાકિસ્તાને હવે ૧.૫ લાખ સરકારી નોકરીઓ નાબૂદ કરી દીધી છે. આ સિવાય ૬ સરકારી મંત્રાલયોને કાયમી તાળુ મારવાનો નિર્ણય કર્યો છે. પાકિસ્તાન સરકારે આવું એટલા માટે કર્યું છે કે, જેથી સરકારી ખર્ચને અટકાવી શકાય. એટલું જ નહીં, બે સરકારી મંત્રાલયોને અન્ય વિભાગો સાથે જોડી દેવામાં આવ્યા છે. પાકિસ્તાન સરકારે સ્હના ટુંકા નામે ઓળખાતા ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી ૭ બિલિયન ડોલરની લોન ડીલ હેઠળ આ પગલાં મજબૂર થઈને લીધાં છે.

પાકિસ્તાન સતત આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે અને ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી લોનનો હપ્તો મળ્યા બાદ પણ તેનું સંકટ સમાપ્ત થયું નથી. હવે તે લોનનો બીજો હપ્તો મેળવવા માટે આકરા પગલાં લઈ રહ્યું છે.

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે ગત, ૨૬ સપ્ટેમ્બરે પાકિસ્તાન માટે મંજૂર કરાયેલ લોનનો પ્રથમ હપ્તો જાહેર કર્યો હતો. આ અંતર્ગત ૧ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડે પાકિસ્તાન સરકારને પોતાનો ખર્ચ ઘટાડવા, ટેક્સ વધારવા અને કૃષિ અને રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રો પર ટેક્સ લગાવવાનો આદેશ આપ્યો છે.

આ સિવાય સબસિડી નાબૂદ કરવી જોઈએ અને કેટલીક યોજનાઓ પણ મર્યાદિત કરવી જોઈએ. અમેરિકાથી પરત ફરેલા પાકિસ્તાનના નાણામંત્રી મોહમ્મદ ઔરંગઝેબે કહ્યું કે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ સાથે ડીલ કરવામાં આવી છે. આ તેની સાથે છેલ્લો સોદો હશે.

આ અંતર્ગત આપણે કેટલીક નીતિઓ અમલમાં મૂકવાની છે. તેમણે કહ્યું કે આ અંતર્ગત અમે સરકારી ખર્ચમાં પણ ઘટાડો કરી રહ્યા છીએ. છ મંત્રાલયો બંધ કરવામાં આવશે અને બે સરકારી વિભાગને મર્જ કરવામાં આવશે. આ સિવાય વિવિધ મંત્રાલયોમાં ૧.૫ લાખ સરકારી જગ્યાઓ નાબૂદ કરવામાં આવશે. તેમણે કહ્યું કે અમે ટેક્સ વધારવાનો પણ પ્રયાસ કરીશું. ગયા વર્ષે ૩ લાખ વધારાના કરદાતા ઉમેરાયા હતા.

આ વર્ષે અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ નવા કરદાતાઓ જોડાયા છે. તેમણે કહ્યું કે ટેક્સ નિયમો વધુ કડક કરવામાં આવશે. જે લોકો ટેક્સ નહીં ભરે તેમને પ્રોપર્ટી અને વાહનો ખરીદવા દેવામાં નહીં આવે. ઔરંગઝેબે કહ્યું કે જો પાકિસ્તાન G-૨૦નો હિસ્સો બનવા માંગે છે તો તેણે અર્થવ્યવસ્થાને મજબૂત કરવી પડશે. તેમણે કહ્યું કે હવે અમારી નિકાસ પણ વધી રહી છે.

### પીડિયાટ્રીશીયન-જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂ.3,000 અપાશે

# આરોગ્ય સંસ્થાઓમાં સેવા આપતા વીઝીટીંગ સુપર સ્પે.તબીબોના વેતનમાં વધારો

### મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબોને પ્રતિ 3 કલાકના રૂ.૮,૫૦૦ ચૂકવાશે

ગાંધીનગર,તા.૦૧

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પ્રેસ-મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રાજ્યના સી.એમ. સેતુ યોજના અંતર્ગત ફરજ બજાવતા વીઝીટીંગ તજજ્ઞો / સુપર સ્પેશીયાલીસ્ટ ડોક્ટરોના માનદ વેતનમાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા આ તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે અપાતા વેતનમાં હવે વધારો કરાયો છે.મંત્રી ઋષિકેશ પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન રૂ. ૩,૦૦૦ તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને પ્રતિ દિન રૂ. ૨,૦૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે,

જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ ૩ કલાકની ફરજીયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને રૂ. ૩૦૦ થી ૨,૦૦૦ સુધીનું ઈન્સેન્ટીવ પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો આવી આવી સર્જરીની અત્યારે જે પ્રોત્સાહક રકમ છે, તે રકમની ૫૦ ટકા રકમ અલગથી એનેસ્થેટીસ્ટને આપવામાં આવશે. પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું કે, આ તજજ્ઞ ડોકટરો કોઈપણ મર્યાદા વગર મહિનામાં જેટલા દિવસ સેવા આપવી હોય તેટલા દિવસ સેવા આપી શકશે. ડોકટરોએ આપેલી સેવાઓના આધારે જ તેમને મહેનતાણું ચૂકવવામાં આવશે. સાથે જ, તજજ્ઞ ડોકટરો પાસેથી સી.એમ સેતુ યોજના હેઠળ લેવામાં આવતી સેવાઓ બદલ 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' હેઠળ તેમને કોઈપણ લાભ મળવાપાત્ર રહેશે નહિ. તજજ્ઞ ડોકટરોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના ઈન્સેન્ટીવ વિતરણના ક્રાઈટેરીયા મુજબ વિતરણ માટે વરાળે આવતી રકમ પાછી રોગી કલ્યાણ સમિતિમાં જમા રાખવાની રહેશે. આ ઉપરાંત રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ અથવા ય્સ્ઈઈજી સંચાલીત મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે રૂ.૨,૭૦૦ ચૂકવવામાં આવતા હતા, જેમાં વધારો કરીને હવે રોજના રૂ.૮,૫૦૦ માનદ વેતન ચૂકવવામાં આવશે. તદુપરાંત, નોન સર્જીકલ સુપર સ્પેશ્યાલીટીવાળા સ્પેશ્યાલીસ્ટને દિવસના રૂ.૮,૫૦૦ મુજબ અને મહિનામાં જેટલા દિવસ આવા તબીબો સેવા આપી શકે તેટલા દિવસ તેઓ સેવા આપી શકશે. જેની સામે આ તબીબોએ લઘુત્તમ ત્રણ કલાક ફરજીયાત સેવાઓ આપવાની રહેશે.

### સદ્ગુરુ જગ્ગી વાસુદેવ પર તીખી ટિપ્પણી કરી

# પોતાની દીકરીના લગ્ન, બીજાને સંન્યાસી બનવા કેમ પ્રેરણા આપો છો! કોર્ટના જગ્ગી વાસુદેવને તીખા સવાલ

### પ્રોફેસરે આક્ષેપ કર્યો હતો કે મારી ઉચ્ચ શિક્ષિત દીકરીઓનું બ્રેઈનવોશ કરવામાં આવ્યું છે અને તેઓ ઈશા યોગ કેન્દ્રમાં કાયમી ધોરણે રહે છે.

ચેન્નઈ,તા.૦૧

મદ્રાસ હાઈકોર્ટે આધ્યાત્મિક ઉપદેશ આપનારા સદ્ગુરુ જગ્ગી વાસુદેવ પર તીખી ટિપ્પણી કરી છે. એક કેસની સુનાવણી દરમિયાન કોર્ટે પૂછ્યું કે તમે તમારી પુત્રીના લગ્ન કરી લીધા છે અને તે સાંસારિક સુખ-સુવિધાઓથી ભરપૂર જીવન જીવી રહી છે. તો પછી તમે શા માટે અન્ય મહિલાઓને માથું મુંડાવવા અને સાધુની જેમ જીવવા માટે પ્રેરિત કરો છો.જસ્ટિસ એસએમ સુબ્રમણ્યમ અને જસ્ટિસ વી.શિવગ્નનમે એક નિવૃત્ત પ્રોફેસર દ્વારા દાખલ કરેલી અરજી પર આ પ્રશ્ન ઉઠાવ્યો હતો. પ્રોફેસરે આક્ષેપ કર્યો હતો કે મારી ઉચ્ચ શિક્ષિત દીકરીઓનું બ્રેઈનવોશ કરવામાં આવ્યું છે અને તેઓ ઈશા યોગ કેન્દ્રમાં કાયમી ધોરણે રહે છે. એટલું જ નહીં, પ્રોફેસર એસ.કામરાજે કોર્ટમાં માંગ કરી હતી કે તેમની પુત્રીઓને વ્યક્તિગત રીતે કોર્ટમાં લાવવામાં આવે.પ્રો.કામરાજ તમિલનાડુ કૃષિ યુનિવર્સિટી, કોઈમ્બતુરમાં ભણાવે છે. તેમની માંગણી પર તેમની ૪૨ અને ૩૯ વર્ષની બંને દીકરીઓ કોર્ટમાં આવી હતી. સોમવારે સુનાવણી દરમિયાન તેમની દીકરીઓએ કહ્યું કે તેઓ પોતે ઈશા ફાઉન્ડેશનમાં રહે છે. અમને કોઈપણ પ્રકારની કસ્ટડીમાં રાખવામાં આવ્યા નથી. આ કેસ છેલ્લા એક દાયકાથી કોર્ટમાં ચાલી રહ્યો છે. આ પહેલા પણ એક વખત કેસની સુનાવણી દરમિયાન પ્રોફેસરની દીકરીઓએ કહ્યું હતું કે અમે અમારી ઈચ્છા મુજબ ઈશા યોગ કેન્દ્રમાં રહીએ છીએ.તેમના માતા-પિતાનો દાવો છે કે તેમની દીકરીઓને ઈશા યોગ કેન્દ્રમાં રાખવામાં આવી ત્યારથી તેમનું જીવન નર્ક બની ગયું છે. જો કે, ન્યાયાધીશોએ પોલીસને આ મામલે વધુ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ સિવાય તેમને ઈશા ફાઉન્ડેશન સાથે જોડાયેલા તમામ કેસોની યાદી તૈયાર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ શિવગ્નનમે કહ્યું, 'અમે જાણવા માંગીએ છીએ કે જે વ્યક્તિએ તેની પુત્રી સાથે લગ્ન કર્યા અને તેને સાંસારિક સુખ-સુવિધાઓની જિંદગીમાં રાખ્યા. શા માટે તે બીજાની દીકરીઓને માથું મુંડાવવા અને સાધુ જેવું જીવન જીવવા માટે પ્રેરિત કરે છે.ઈશા ફાઉન્ડેશને કોર્ટની આ તીક્ષ્ણ ટિપ્પણીઓના જવાબમાં કહ્યું કે આ મહિલાઓ સ્વેચ્છાએ ઈશા ફાઉન્ડેશનમાં છે. તેમના પર કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં આવ્યું નથી. ઈશા ફાઉન્ડેશને કહ્યું, 'અમે માનીએ છીએ કે પુખ્ત વયના લોકોને તેમની વિવેકબુદ્ધિથી કોઈપણ રસ્તો પસંદ કરવાનો અધિકાર છે.અમે કોઈના પર લગ્ન કે ત્યાગ લાદતા નથી. આ તેમની અંગત પસંદગી છે. ઈશા યોગ કેન્દ્રમાં હજારો લોકો રહે છે જેઓ સંત નથી. આ સિવાય કેટલાક એવા લોકો છે જેઓ બ્રહ્મચર્યનું પાલન કરે છે અથવા તો સંત છે. ઈશા ફાઉન્ડેશને કહ્યું કે હાલમાં અમારી સામે માત્ર એક પોલીસ કેસ છે. આ સિવાય કોર્ટે ખુદ એક પર સ્ટે મુક્યો છે.

### હરિયાણાના બહાદુરગઢમાં જનસભાને સંબોધી

# અંબાણી મેરેજ ફંક્શનનો ઉલ્લેખ કરી રાહુલ ગાંધીનો PM મોદી ઉપર હુમલો

### રાહુલ ગાંધીએ કહ્યું કે હરિયાણામાં તમામ નાની પાર્ટીઓ ભાજપની બી ટીમ છે આ લડાઈ કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે છે

હરિયાણા,તા.૦૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મંગળવારે હરિયાણાના બહાદુરગઢમાં જનસભાને સંબોધી હતી. જેમાં તેણે ભારતીય જનતા પાર્ટી અને પીએમ મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેણે કહ્યું શું તમે અંબાણીના લગ્ન જોયા છે? અંબાણીએ લગ્નમાં કરોડો રૂપિયા ખર્ચ્યા હતા. આ પૈસા કોના છે? આ તમારા પૈસા છે. તમે તમારા બાળકોના લગ્ન માટે બેંકમાંથી લોન લો છો, પરંતુ નરેન્દ્ર મોદીએ એક એવું માળખું બનાવ્યું છે કે જેના હેઠળ ૨૫ પસંદગીના લોકો લગ્નમાં કરોડોનો ખર્ચ કરી શકે છે, પરંતુ ખેડૂત દેવાંમાં ડૂબીને જ લગ્ન કરી શકે છે. આ બંધારણ પર હુમલો નથી તો શું છે? વધુમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે અમે સત્તામાં આવીશું ત્યારે ૧૨૦૦ રૂપિયામાં વેચાતો LPG ગેસ સિલિન્ડર ૫૦૦ રૂપિયામાં મળશે. રાહુલે વધુમાં કહ્યું કે અમે હરિયાણાના ખેડૂતોને MSP પણ આપીશું. કોંગ્રેસ નેતાએ કહ્યું કે બધા જાણે છે કે અહીં ડ્રગ્સનો મુદ્દો છે. હું પીએમ મોદીને પૂછવા માંગુ છું કે જ્યારે હજારો કિલો ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું ત્યારે તમે શું કાર્યવાહી કરી? કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બહાદુરગઢમાં કહ્યું, શું તમે બધા જાણો છો કે અગ્નિવીર યોજના શું છે? હું તમને કહું છું. ભારતીય સૈનિકો પાસેથી પેન્શન, કેન્ટીન અને શહીદનો દરજ્જો છીનવી લેવાનો આ એક રસ્તો છે. પહેલા સરકારી કંપનીઓ હતી, પરંતુ હવે તમામનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય સંરક્ષણ બજેટ અદાણી ડિફેન્સને આપવાનો હતો.રાહુલ ગાંધીએ કહ્યું કે હરિયાણામાં તમામ નાની પાર્ટીઓ ભાજપની બી ટીમ છે. આ લડાઈ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે છે. આ લડાઈ બંધારણને બચાવનારા અને બંધારણનો નાશ કરનારાઓ વચ્ચે છે. હરિયાણામાં કોંગ્રેસનું તોફાન આવી રહ્યું છે. આપણા હૃદયમાં પ્રેમ છે, નફરત માટે કોઈ સ્થાન નથી. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે હું વિચારધારાની લડાઈ લડું છું, હું નરેન્દ્ર મોદી કે ભાજપને નફરત કરતો નથી. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીએ 'પરિવાર પહેચાન પત્ર' જેવું કામ શરૂ કર્યું હતું. પરિવાર પહેલ કાર્ડ હરિયાણાના લોકો માટે 'મુશ્કેલી પત્ર' બની ગયું છે. જેની આડમાં લોકોને સરકારી યોજનાઓથી દૂર રાખવામાં આવી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે હરિયાણામાં અમારી સરકાર બનતા જ અમે તેને ખતમ કરી દઈશું

# વકીલો યુક્તિઓ અપનાવીને કોર્ટને ગેરમાર્ગે દોરી શકશે નહીં : CJI

નવી દિલ્હી,તા.૦૧

ચીફ જસ્ટિસ DY ચંદ્રચુડે આજે મંગળવારે વકીલોની નવી પ્રથા પર નારાજગી વ્યક્ત કરી છે. CJIએ ઠપકો આપતાં કહ્યું કે, ''અલગ-અલગ વકીલો વારંવાર એક જ કેસને બેંચ સમક્ષ લાવે છે અને તારીખ માંગે છે. વકીલો આવી યુક્તિઓ અપનાવીને કોર્ટને ગેરમાર્ગે દોરી શકશે નહીં. મારી પોતાની વિશ્વસનીયતા દાવ પર છે. મારે દરેક માટે માનક નિયમોનું પાલન કરવું પડશે.''

અહેવાલ અનુસાર, CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે વકીલની માઈનિંગ લીઝને સમાપ્ત કરવા સંબંધિત કેસની સુનાવણી કરી રહ્યા હતા. આ દરમિયાન, સુપ્રિમ કોર્ટની બેન્ચે નોંધ્યું કે, ગઈકાલે પણ આ મામલો તેમની સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. જેથી આ અંગે નારાજગી વ્યક્ત કરતાં ચીફ જસ્ટિસે કહ્યું કે, યોગ્ય આદેશ મેળવવા માટે એક જ કેસને વારંવાર ઉઠાવવાની પ્રથા હવે બંધ કરવાની જરૂર છે.

CJIએ કહ્યું કે, આ એક નવી પ્રથા થઈ ગઈ છે કે જુદા જુદા વકીલો લિસ્ટિંગ માટે એકસમાન કેસ રજૂ કરે છે અને એકવાર જજ સમક્ષ આવતા તમને કોઈ તારીખ મળી જાય છે. આ એક પ્રથા છે જે ઉભરી રહી છે. CJIએ આગળ કહ્યું કે, ચીફ જસ્ટિસ તરીકે મારી પાસે જે પણ થોડી સમજદારી છે તેનો ઉપયોગ ક્યારેય તમારા પક્ષમાં નહીં થાય. તમે કોર્ટને ગેરમાર્ગે દોરી શકશો નહીં. મારી અંગત વિશ્વસનીયતા દાવ પર છે.

### રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં નવું સમન્સ

# લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી મુશ્કેલીમાં મુકાયા

### આ કેસમાં નાસિકના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દીપાલી પરિમલ કડુસ્કરે ૨૭ સપ્ટેમ્બરે એક પ્રક્રિયા સમન્સ જારી કર્યું હતું

મુંબઈ,તા.૦૧

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની એક કોર્ટે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીને આજે મંગળવારે સમન્સ પાઠવ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને હિન્દુત્વના વિચારક વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ તેમની કથિત વાંધાજનક ટિપ્પણી બદલ તેમની સામે દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યું છે. આ કેસમાં નાસિકના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દીપાલી પરિમલ કડુસ્કરે ૨૭ સપ્ટેમ્બરે એક પ્રક્રિયા સમન્સ જારી કર્યું હતું.

નોટિસમાં કહેવામાં આવ્યું કે, ''દેશભક્ત વ્યક્તિ વિરુદ્ધ કરવામાં આવેલું નિવેદન પ્રથમ દ્રષ્ટિએ બદનક્ષીભર્યું લાગે છે.'' રાહુલ ગાંધીએ કેસની આગામી તારીખે રૂબરૂ અથવા તેમના કાનૂની પ્રતિનિધિ મારફત હાજર થવાનું રહેશે, જેનો નિર્ણય લેવાનો બાકી છે.

આ કેસમાં ફરિયાદી, જે એક દૂર્દના ડાયરેક્ટર છે, તેમણે દાવો કર્યો કે, ''તેણે હિંગોલીમાં રાહુલ ગાંધી દ્વારા સંબોધિત કરેલી પ્રેસ કોન્ફરન્સ અને નવેમ્બર ૨૦૨૨માં કોંગ્રેસના નેતા દ્વારા આપવામાં આવેલું ભાષણ પણ જોયું હતું.'' તેમણે આક્ષેપ કર્યો કે, રાહુલ ગાંધીએ બંને પ્રસંગોએ તેમના શબ્દો અને દ્રશ્ય પ્રસ્તુતિઓ થકી જાણીજોઈને વીર સાવરકરની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું અને સમાજમાં તેમની છબીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, 'પ્રેસ નિવેદનો સાથે આરોપી(રાહુલ ગાંધી)નું ભાષણ ફરિયાદી(દૂર્દ ડાયરેક્ટર)ના આદર્શ સ્વતંત્રવીર સાવરકરની પ્રતિષ્ઠા અને સ્વતંત્રતા પૂર્વેના તેમના ઉમદા કાર્યો તેમજ સમાજમાં તેમના યોગદાનને કલંકિત કરવાનો પ્રયાસ કરે છે

## પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં ગુજરાતના અંદાજે

# ૧૨ લાખ ખેડુતોના પ્રીમીયમ પેટે ઉઘરાવેલા ૪૫૦ કરોડ રૂપિયા ખેડૂતોને પરત કરો. : અમીત ચાવડા

### અતિવૃષ્ટિમાં ખેડૂતોને સહાય માટે ૧૦ હજાર કરોડનું પેકેજ જાહેર કરો



અમરેલી, તા. ૧

ગુજરાતમાં અતિવૃષ્ટિ–લીલા દુકાળની ઉભી થયેલી પરિસ્થિતિની વચ્ચે દયનીય હાલતમાં રહેલા ખેડૂતોને સહાય સહિતના મુદ્દે સરકાર સમક્ષ વિવિધ રજૂઆતો અને માંગણીઓ સાથે શ્રી અમીત ચાવડાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધન કરતા જણાવ્યું હતુંકે, 'ચાલુ વર્ષે ગુજરાતમાં ચોમાસું ધીમે ધીમે વિદાય લઈ રહ્યુંછે. પણ આજે આખા ગુજરાતના ખડૂતો રાતા પાણીએ રોઈ રહ્યા છે. એક તરફ કુદરતી આફતો, અતિ ભારે વરસાદ, અતિવૃષ્ટિ, સરકાર સર્જિત પુર અને ચારે તરફ મોટા પ્રમાણમાં ખેતીને નુકસાન થયું છે, જમીનો ધોવાઇ ગઈ છે, અને ખેડૂતો આર્થિક રીતે પાયમાલ થઇ જાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કમનસીબે ગુજરાતમાં કુદરતી આફતો આવે ત્યારે ખેડૂતોને કુદરતી આફતો સામે રક્ષણ માટેની એકપણ કાયમી યોજના નથી. દર વર્ષે આવી કુદરતી આફતો આવે છે.

ત્યારે ૨૦૧૬ના કેન્દ્ર સરકારના ડીઝાસ્ટરના જે મેન્થોલ છે એને આગળ ધરીને સરકાર કાયમ માટે સરકાર ખેડૂતોના હામી થવાનો પ્રયત્ન કરે છે. પણ જે રીતે સરકાર એસ.ડી.આર.એફ.ના નોમ્ર્સ મુજબ સહાય આપવાની વાત કરે અને ઉપરથી સરકાર જયારે મોટું પેકેજ આપતી હોય એ રીતે એસ.ડી.આર .એફ.ના નોમ્ર્સની ઉપર બે ચાર હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરે છે. એટલે દર વખતે ખેડૂતોને નુકસાની થાય તો સરકારની રહેમ પર આધાર રાખવો પડે છે, કે સરકાર કોઈ પેકેજ જાહેર કરે અને અમને રાહત મળે. પણ કાયમી પાક વીમા માટેની યોજના નહિ હોવાને કારણે ખેડૂતોને દર વખતે આવી આફતોના સમયમાં ખુબ મોટું નુકસાન થાય છે.

અમે સરકાર પાસે ફરીમાંગણી કરીએ છીએ, અગાઉ વારંવાર માંગણીઓ કરી છે કે, ગુજરાતમાં પાક વીમા યોજના, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના જયારે બંધ કરવામાં આવી એ વખતે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના જાહેર કરવામાં આવી. અનેક પરિપત્રો થયા, અનેક રજુઆતો થઇ પણ આ યોજના ફક્ત કાગળ ઉપર જ રહી, આજદિન સુધી આ યોજનામાં કોઈ નક્કર મદદ કોઈપણ ખેડૂતને મળી હોય એનો એકપણ દાખલો જોવા મળ્યો નથી.અમીત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, 'આજે આખા ગુજરાતમાં પરિસ્થિતિ એવી થઇ છે કે, ગુજરાતમાં લગભગ સાર્વત્રિક ૧૩૭% જેટલો વરસાદ થયો છે. ૧૫ જીલ્લામાં અને ૧૦૬ તાલુકામાં ૧૪૦% કરતા પણ વધારે વરસાદ થયો. આમ ૧૪૦% કરતા વધારે વરસાદ થયો હોય એવા તમામ ૧૦૬ તાલુકાઓમાં અને ૧૫ જીલ્લામાં લીલો દુકાળ જાહેર કરવા માટેના નોમ્ર્સ મુજબ સરકારે તાત્કાલિક લીલો દુકાળ જાહેર કરવો જોઈએ અને એની જોગવાઈઓ મુજબની તમામ મદદો ખેડૂતોને આપવી જોઈએ.૧૦ ઓગસ્ટ ૨૦૨૦ માં જયારે પાક વીમા યોજના બંધ કરવાની જાહેરાત કરવામાં આવી એ વખતે જ અંદાજ નીકળ્યો કે જુલાઈ ૨૦૨૦ સુધીમાં ગુજરાતમાં લગભગ ૧૨ લાખ જેટલા ખેડૂતોએ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં પ્રીમીયમ જમા કરાઈ ચુક્યા હતા. એ રકમ અંદાજે ૪૫૦ કરોડ કરતા પણ વધારે રકમ ગુજરાતના ખેડૂતો પ્રીમીયમ પેટે જમા કરાવી ચુક્યા હતા. એ યોજના તો બંધ થઇ ગઈ, પણ આજદિન સુધી ખેડૂતોને પ્રીમીયમ પાછું આપવા માટેની જે માંગણી છે એના પર ડબલ એન્જીન સરકાર એકપણ વખત નિર્ણય લેતી નથી અને ખેડૂતોને આજે પણ પૈસા પાછા મળતા નથી. જયારે આજે જયારે તકલીફનો સમય છે એટલે ૧૨ લાખ ખેડૂતો વતી માંગણી કરીએ છીએ કે, ૪૫૦ કરોડ કરતા વધારે રકમ ગુજરાતના ખેડૂતોએ વીમા યોજનામાં પ્રીમીયમ તરીકે જમા કરાવી હતી એ રકમ તાત્કાલિક ખેડૂતોના ખાતામાં પાછી જમા કરાવવી જોઈએ. આમ કહેવાય ડબલ એન્જીન સરકાર, એમ પણ કહેવાય મોસાળમાં જમણ અને માં પીરસનાર તો આપણને ચિંતા જ નહિ, પણ પરિસ્થિતિ એવી થાય છે કે કેન્દ્રમાં પણ આપણી સરકાર છે, ગુજરાતના પ્રધાનમંત્રી છે એવી વાતો કરે છે પણ જયારે જયારે કોઈ કુદરતી આફત આવે અને ગુજરાતના ખેડૂતો, ગુજરાતના લોકો કેન્દ્ર સરકાર પાસે મદદની અપેક્ષા રાખતા હોય ત્યારે બધી જ વખતે નિરાશા સાંપડી છે.એના દાખલા સ્વરૂપે તોતે વાવાઝોડું આવ્યું ત્યારે કોંગ્રેસ પક્ષે બધી જ જગ્યાએ સ્થળ તપાસ કરી, રૂબરૂ મુલાકાતો કરીને સરકાર પાસે ૧૫ હજાર કરોડની માંગણી કરીહતી. સરકારે પણ કેન્દ્ર સરકાર પાસે ૨૦૨૧માં ઓગસ્ટ મહિનામાં પત્ર લખીને ૧૧ હજાર ૫૦૦ કરોડ રૂપિયાની મદદ માંગી હતી પણ આજદિન સુધી કોઈ મદદ કેન્દ્ર સરકાર તરફથી મળી નથી. સુરેન્દ્રનગર કે બનાસકાંઠા હોય અનેક વખત પુર આવ્યા, અતિવૃષ્ટિ થઇ એ વખતે પણ કેન્દ્ર સરકાર પાસે ૨૯૦૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારે માંગ્યા હતા એમાં પણ કોઈ જાતની મદદ મળી નથી.વધુમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર એસ. ડી.આર. એફ.માં એનો હિસ્સો આપવાનો હોય તે હિસ્સો પણ સમયસર નહિ આપતી હોવાને કારણે કાયમ ગુજરાતના ખેડૂતોને મોટી તકલીફ પડે છે. એનું બીજું ઉદાહરણ એસ.ડી.આર.એફ.માં તોતે વાવાઝોડા વખતે પણ જે નુકસાનીનો અંદાજ માંગ્યો અને એમાં કેન્દ્ર સરકારનો હિસ્સો આપવાનો થતો હતો એનો પણ આજદિન સુધી કેન્દ્ર સરકાર તરફથી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ નથી. આજે ગુજરાતના ખેડૂતો વતી અમે માંગણી કરીએ છીએ કે, એક તરફ ચોમાસું પૂઢં થવામાં છે, ખેડૂતો રાતા પાણીએ રડી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં ૧૪૦% કરતા પણ વધારે વરસાદ થયો છે એવા ૧૫ જીલ્લામાં અને ૧૦૬ તાલુકામાં લીલો દુકાળ જાહેર કરવામાં આવે. આ તમામ જીલ્લાઓ અને વિસ્તારોમાં પાક સંપૂર્ણપણે નાશ થયો છે. જુલાઈમાં જે વરસાદ થયો એમાં થયેલ નુકસાનનો સર્વે કરવામાં આવ્યો, સરકારે વિધાનસભાના સત્રમાં ૩૫૦ કરોડના પેકેજની જાહેરાત કરી, પણ આજદિન સુધી એકરૂપિયો પણ કોઈને ચૂકવાયો નથી. ૩૦/૦૯ એની છેલ્લી તારીખ હતી. અરજી કરવા માટે ખેડૂતો જાય તો ઓનલાઈન અરજીના નામે ખેડૂતો પાસે જાતજાતના ડોક્યુમેન્ટ્સ માંગવામાં આવે, હેરાન પરેશાન થઈ રહ્યા છે, કેટલી જગ્યાએ અરજીઓ સ્વીકારવાની ના પડે છે. પોરબંદરનો દાખલો લઈએ તો પિયત વિસ્તારના ખેડૂતોને પણ બિનપિયત ફોર્મ ભરવાનું કહેવામાં આવે છે. જેથી કરીને ખેડૂતોને ૨૨ હજાર રૂપિયાનું નુકસાન થાય છે. વધુમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, ' દ્વારકામાં અનેક જગ્યાએ કહેવામાં આવ્યું કે તમારે અરજી નહિ કરી શકાય, ઉપરથી જે લીસ્ટ આવ્યું છે એટલા લોકો જ અરજી કરી શકશે. એટલે સ્પષ્ટ છે કે સરકાર ડાયરેક્ટ કે ઈન ડાયરેક્ટ રીતે ખેડૂતોને મદદ, સહાયથી વંચિત રાખવાનો પ્રયત્ન કરે છે. જયારે ચારે તરફ ખુબ મોટું નુકસાન થયું છે, ખેડૂતોએ બેન્કોમાંથી જે ધીરાણ લીધુ છે પાછું ભરી શકે એવી પરિસ્થિતિ નથી રહી તો ચાલુ વર્ષનું ખેડૂતોનું બેન્કોનું તમામ ધિરાણ માફ કરવામાં આવે એવી પણ માંગણી કરીએ છીએ. સરકાર એક બાજુ એમ કહે છે કે અમે પૈસા ક્યાંથી લાવીએ તો આર. ટી.આઈ. માંથી જે આંકડા મળ્યા છે કેન્દ્ર સરકાર તરફથી એ ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ઉદ્યોગ ગૃહોના ૧૪ લાખ ૫૬ હજારકરોડ રૂપિયા માફ કર્યા છે. સાથેસાથે ૨૪ લાખ ૯૫ હજાર કરોડ રાઈટ ઓફ કર્યા છે. જો ઉદ્યોગપતિઓ માટે તિજોરી ખુલ્લી મુકવામાં આવતી હોય તો જગતનો તાત ખેડૂત જયારે તકલીફમાં હોય ત્યારે એને મદદ કરવા સરકાર કેમ આગળ નથી આવતી? આમ ખેડૂતોના આ વખતના તમામ જે ધિરાણ છે એ માફ કરવામાં આવે એવી માંગણી કરીએ છીએ. આજે જે આખું જે નુકસાન થયું છે એમાં પાકવીમા જેવી કોઈ કાયમી યોજના નથી, હજુ સુધી સરકારે ફક ૩૫૦ કરોડનું પેકેજ જાહેર કર્યુ છે એના બદલે ૧૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ સરકાર ખેડૂતોના નુકસાનના વળતર માટે જાહેર કરે એવી માંગણી કરીએ છીએ.

અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, 'સૌરાષ્ટ્રમાં ઘેડ વિસ્તાર એવો છે, જેની રકાબી જેવી ભૌગોલિક પરિસ્થિતિ છે, દર વર્ષે થોડો પણ વરસાદ થાય તો પણ વિસ્તારમાં પાણી ભરાઈ જાય, ખેતી નાશ પામે છે, જમીનોને નુકસાન થાય છે અને લાંબા સમય સુધી પાણી ભરાઈ રહે છે એટલે બીજી સીઝન પણ લઈ ના શકાય એવું છે. એટલે દર વર્ષે ખેડૂતો રજુઆતો કરે છે, આંદોલનો કરે છે. કોંગ્રેસ પક્ષ રજૂઆત કરે છે પણ આ ઘેડ વિસ્તારમાં જે આ કાયમ માટેનો પ્રશ્ન છે એનું નિરાકરણ કરવા માટે સરકાર સ્પેશિયલ પ્રોજેક્ટ બનાવે એવી માંગણી કરી છીએ. ગુજરાતમાં સર્વેના નામે ડીંડક ચાલે છે. જુલાઈ મહિનામાં વારસદ થયો એનો સર્વે કર્યો એ પણ અધુરો છે, ત્યાર પછી ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં વરસાદ થયો જમીનોના ધોવાણ થયા એનું આજદિન સુધી કોઈપણ જાતનો પુરતો સર્વે કરવામાં નથી આવ્યો, અધુરો સર્વે કરીને આંકડા મુકયા છે. જીલ્લાના ખેતીવાડી અધિકારીને પૂછવામાં આવે કે ક્યારે સહાય મળશે? તો એકપણ જીલ્લાના ખેતીવાડી અધિકારી સ્પષ્ટ કહી શકતા નથી કે, ક્યારે મળશે? કેટલી મળશે? કેવી રીતે મળશે? તો સરકારે તાત્કાલિક આ પ્રક્રિયા પૂરી કરવી જોઈએ.અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, 'હવે શિયાળુ એટલે કે રવી સિઝનની શરૂઆત થશે એ પહેલા જે પણ નુકસાની છે એનું વળતર તાત્કાલિક ખેડૂતોને ચૂકવાય અને એમાં પણ ખાસ કરીને જે જમીન ધોવાણનો સર્વે નથી કરવામાં આવ્યો, એ જમીન ધોવાણના વળતર માટેની કોઈ નીતિ બનાવવામાં નથી આવી તો જમીન ધોવાણનો સર્વે કરવામાં આવે અને એના પૈસા તાત્કાલિક ચુકવવામાં આવે એવી પણ માંગણી કરી છીએ.દ્વારકા જીલ્લામાંથી મોટી ફરિયાદો મળી છે કે ત્યાં અરજીઓ સ્વીકારવામાં નથી આવતી, એક ચોક્કસ લીસ્ટમાં નામ હોય એ જ ખેડૂત અરજી કરી શકે છે તો સરકાર આની તપાસ કરે અને તમામ ખેડૂતોને નુકસાન થયું હોય એની અરજી લેવી જ પડે, અને સર્વે કરીને એનું વળતર આપવું જોઈએ. એજ રીતે પોરબંદરમાં પિયત અને બિનપિયત જમીનના અલગ–અલગ રીતે અરજીઓ કરાવવામાં આવે છે એની પણ તપાસ કરાવીને ખેડૂતોને યોગ્ય વળતર મળે તેવી પણ માંગણી કરીએ છીએ. સાથેસાથે આ વખતે આખા ચોમાસા દરમ્યાન ડેમોમાંથી ઉપરવાસમાંથી જે પાણી આવે એની ક્ષમતાથી વધારે પાણી થાય તો પાણી છોડવાની પ્રક્રિયાનું નિયમન થવું જોઈએ, આયોજન થવું જોઈએ. એની મર્યાદાઓની ગોઠવણ કરવી જોઈએ. એ નહિ થવાને કારણે આજે ગુજરાતમાં મોટા ભાગના વિસ્તારની નદીઓમાં કોઈ ગણતરી કે આયોજન વગર પાણી છોડવામાં આવે છે. જેના કારણે નદી કાંઠાના રહેણાંકો, ગામોને મોટા પ્રમાણમાં નુકસાન થાય છે. ત્યારે ડેમમાંથી પાણી છોડવાના આયોજન અને પેરા મીટર્સ છે એની સમીક્ષા કરવામાં આવે અને ભવિષ્યમાં એના કારણે નુકસાન થતું અટકે એ માટે પણ સરકાર આગળ આવે એવી માંગણી કરીએ છીએ.અંતમાં અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, 'ખાસ કરીને હવે નવી સીઝન આવવાની છે ત્યારે સરકાર તાત્કાલિક ગુજરાતમાં જે પણ પુર, અતિવૃષ્ટિને કારણે ખેડૂતોને નુકસાન થયું છે એવા તમામ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સંવેદના સાથે યોગ્ય વળતર ચુકવે એવી માંગણી કરીએ છીએ. આ પ્રેસ વાર્તામાં અમિત ચાવડા સાથે ધારાસભ્યો કાંતિભાઈ ખરાડી અને અમૃતજી ઠાકોર તથા પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા : કાણકિયા કોલેજમાં ચિત્રસ્પર્ધાનું આયોજન થયું



સાવરકુંડલા, તા. ૧


નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી.કાણકિયા આટર્સ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ, સાવરકુંડલા ખાતે તા.૨૮–૯–૨૪ ને શનિવારે કોલેજમાં ચાલતી સ્વર્ણિમ સપ્તધારા તથા એન.એસ.એસ.ના સંયુકત ઉપક્રમે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૧૩ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રગતિ મહેતા(એસ.વાય.બી.કોમ..) પ્રથમ, નેન્સીઆહલપરા (એસ.વાય.બી.કોમ.) દ્વિતીય તથા ધૃવિ ચોટલીયા (એફ.વાય.બી.એ.) અને દિશાન્ત ચૌહાણ(એસ.વાય.બી.એ.) તૃતીય ક્રમે રહ્યા હતા. આ તકે કોલેજના પ્રિન્સિપાલ ડો.એસ.સી.રવિયા સાહેબે તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યા હતા. નિવૃત્ત શિક્ષક ગિરીશભાઈ ભટ્ટે આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પોતાની ઉત્તમ સેવા પૂરી પાડી હતી. કોલેજના વાઈસ પ્રિન્સિપાલ પ્રો.રિન્કુબેન ચૌધરી, ડો. પુષ્પાબેન રાણિપા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. આશિષભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું સુચારૂ આયોજન થયેલ. આ માટે તમામ સ્ટાફ મિત્રોનો સહકાર સાંપડયો હતો.

# આજે ''ગાંધી જયંતી'' અને ''આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ''

અમરેલી, તા. ૧

મારૂં જીવન એ જ મારો સંદેશ – મહાત્મા ગાંધી
અહિંસા પરમો ધર્મ
સચ્ચાઈ કા લેકર શસ્ત્ર,
અહિંસા કા લે અસ્ત્ર,
તુને અપના દેશ બચાયા.

કોઈ પણ રાષ્ટ્રની ગુણવતા તે દેશના લોકો પશુઓ સાથે કેવો વ્યવહાર કરે છે તેના આધારે નકકી થાય છે.



વિશ્વ વિભૂતિ ગાંધીજીનો જન્મ તારીખ ૨ ઓકટોબર, ૧૮૬૯નાં રોજ સૌરાષ્ટ્રનાં પોરબંદરમાં માતા પૂતળીબાઈ ની કૂખે થયો હતો. એમના પિતા કરમચંદ ગાંધી રાજયનાં દીવાન હતાં. પાંચ વર્ષની ઉંમરે બાળક મોહન ગાંધીને પોરબંદરની શાળામાં અભ્યાસ માટે મુકવામાં આવ્યા પરંતુ એ વર્ષે પિતા કરમચંદ ગાંધી બદલી થતાં એમનું કુટુંબ રાજકોટ આવ્યું એટલે રાજકોટમાં પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરૂં કર્યુ અને તેઓ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં દાખલ થયા. આ સમયે એમની ઉંમર બાર વર્ષની હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને યાદ કરતા જ આપણી નજર સમક્ષ એક સેવા ભાવિ સંત, સત્યનાં પૂજારી, અહિંસાના ઉપાસક, એક વિશ્વમાનવનું ચિત્ર ઉપસી આવે છે. ઈ.સ. ૧૮૮૭માં ગાંધીજીએ મેટ્રીક પરીક્ષા પાસ કરી અને ભાવનગરની શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવ્યો, પણ અહીં એમનું ફાવ્યું નહીં, ત્યારબાદ ગાંધીજી વિલાયત વકીલાત ભણવા માટે ગયા, અહીં એમને ઘણી તકલીફો પડવા લાગી, અંગ્રેજીમાં બરાબર બોલતાં એમને આવડતું નહોતું, જમવાની પણ મોટી સમસ્યા હતી. તેમણે માંસાહાર નહીં કરૂં એવી પ્રતિજ્ઞા લીધેલ હતી. તેથી ત્યાં શાકાહારી ભોજન શોધવામાં ખુબ મુશ્કેલી પડતી હતી. છેવટે એમણે એક ફેરીંગન્દન સ્ટ્રીટમાં શાકાહારી રેસ્ટોરંટ જોયું અને ઘણા દિવસો પછી પેટ ભરીને જમવા મળ્યું. વિલાયતમાંથી ગાંધીજી બેરિસ્ટર થઈ ભારત આવ્યા. તેઓને વિલાયત મોકલવા માટે જેમણે મદદ કરી હતી એવા મોટાભાઈ અને બાને મળવા માટે આતુર હતાં. પણ બા તો અવસાન પામ્યા હતાં. અહીં એમને ન ફાવ્યુ એટલે તેઓ પાછા દક્ષિણ આફ્રિકા ગયા અને રંગભેદની નીતિનો વિરોધ કરતા અંદલનો કર્યા. સન ૧૯૧૯માં બ્રિટિશ સરકારે રોલેટ બીલ પસાર કર્યુ કે સરકારનો કોઈપણ જાતનો વિરોધ કરનારને સરકાર ન્યાયપાલિકાને જણાવ્યા વગર સીધી જ કેદ કરી શકે. આ બીલના વિરોધમાં ગાંધીને એવું પગલું ભરવા મજબુર કર્યા કે જેથી અંગ્રેજો સાથે તેમના સંબંધ પર પૂર્ણવિરામ મુકાઈ ગયું. ગાંધીજીએ સત્યાગ્રહનું એલાન કરી દીધું જે પછી તરત આખા દેશમાં ચોતરફ હિંસા ફાટી નીકળી તેવામાં જ અમૃતસરમાં જલિયાવાલા બાગ હત્યાકાંડ થયો ત્યારબાદ બારડોલી સત્યાગહ, ખેડા સત્યાગ્રહ, ચંપારણ સત્યાગ્રહ, દાંડીકૂચ, અસહકારની લડત જેવા તમામ અહિંસક પ્રયત્નોથી ગાંધીજીએ ભારત દેશને આઝાદ કરાવ્યો. તેઓ કાયમ સત્ય અને અને અહિંસાના પથ પરજ ચાલ્યાં હતાં. તે કહેતા કે સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી. અનુભવ્યું. સત્મય થવાને સારૂં અહિંસાએ જ માર્ગ છે. મનુષ્ય જયાં લગી સ્વેચ્છાએ પોતાને સૌથી છેલ્લો ન મુકે ત્યાં તેની મુકિત નથી. અહિંસાએ નમ્રતાની પરાકાષ્ઠા છે અને નમ્રતા વિના મુકિત કોઈ કાળે નથી એ અનુભવ સિધ્ધ વાત છે. ગાંધીજીના જન્મદિવસને ''અહિંસા દિવસ'' તરીકે પણ મનાવવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય અહિંસા દર વર્ષે ૨ ઓકટોબરના રોજ, મહાત્મા ગાંધીના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે. જાન્યુઆરી ૨૦૦૪માં, ઈરાની નોબેલ વિજેતા શિરીન ઈબાદીએ મુંબઈના વર્લ્ડ સોશિયલ ફોરમમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ભણાવતા પેરિસનાં એક હિન્દી શિક્ષક પાસે આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસનો પ્રસ્તાવ મૂકયો હતો. આ વિચાર ધીમે ધીમે ભારત સરકારનાં નેતાઓનું ધ્યાન આકર્ષિત કર્યુ ત્યારબાદ લાંબીસ જહેમત બાદ ૨ ઓકટોબરે ગાંધીજીના જન્મદિવસે અહિંસા દિવસ ઉજવવાનું નકકી થયું. ભારતને આઝાદી તરફ દોરી જવામાં મદદ કરનાર મહાત્મા ગાંધી પરસ્થિતિઓમાં નાગરિક અધિકાર અને સામાજીક પરિવર્તન માટે અહિંસક આંદોલન માટે પ્રેરણારૂપ છે. તેમના સમગ્ર જીવન દરમ્યાન, દમનકાનરી પરિસ્થિતિઓમાં અને મોટે ભાગે અનિર્ણનીય પડકારોનો સામનો કરીને પણ ગાંધીજી અહિંસા પ્રત્યેની તેમની માન્યતા માટે કટિબદ્ધ રહ્યાં.


માણસે અન્ય માણસો પ્રત્યે તો અહિંસાનો ભાવ રાખવો જ જોઈએ પરંતુ આ પૃથ્વી પર સમસ્ત જીવસૃષ્ટિ એકસાથે સહઅસ્તિત્વમાં રહે છે. પશ, પક્ષીઓ પ્રત્યે પણ અહિંસાનો ભાવ રાખીને જ વર્તન કરવું જોઈએ. આપણને મનુષ્ય યોનિ મળી તેનો અર્થ એતો નથી જ કે માણસ પૃથવીનો માલિક છે. જેટલો અધિકાર માણસનો પૃથ્વી પર જીવવાનો છે તેટલો જ અન્ય જીવસૃષ્ટિનો પણ છે. કોઈપણ રાષ્ટ્રની ગુણવતા તે દેશનાં લોકો પશુઓ સાથે કેવો વ્યવહાર કરે છે તેના આધારે નકકી થાય છે.

મારૂં જીવન એ જ મારો સંદેશ – મહાત્મા ગાંધી
અહિંસા પરમો ધર્મ
સચ્ચાઈ કા લેકર શસ્ત્ર,
અહિંસા કા લે અસ્ત્ર,
તુને અપના દેશ બચાયા.

## સુર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ

# આજે કંકાણાકૃતિ સુર્યગ્રહણનો અદભુત અવકાશી નજારો

### ભારતમાં ગ્રહણ સંબંધી વેદાદિ નિયમો, સૂતક-બૂતક બોગસ



અમદાવાદ, તા.૧

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં બુધવાર તા.૨જી ઓકટોબરે કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો–કરોડો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહણ પેસિફીક, દક્ષિણ અમેરિકાની દક્ષિણ બાજુ, દક્ષિણ ચીલી, આર્જેન્ટીના, એન્ટાર્કટિકામાં જોવા મળવાનું છે. ભારત જન વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ગ્રહણની અવધિ ૦૬ કલાક ૦૪ મિનિટની છે.

સંવત ૨૦૮૦ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને બુધવાર તા.૨ જી ઓકટોબર, ૨૦૨૪ કન્યા રાશિ હસ્ત નક્ષત્રમાં થનારૂં કંકણાકૃતિ સૂર્યગ્રહણની ખગોળીય ઘટના બનવાની છે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહિ. આ ગ્રહણનો અદભુત નજારો ખંડગ્રાસમાં પેસિફિક અને દક્ષિણ અમેરિકાના દક્ષિણ ભાગમાં જોવા મળશે જયારે દક્ષિણ ચીલી, દક્ષિણ આર્જેન્ટીનામાં કંકણાકૃતિ સ્વરૂપે જોવા મળશે. હેંગારોઆ, ઈસ્ટર આઈસલેન્ડ ચિલીમાં, દક્ષિણ પેસિફીક મહાસાગર, એન્ટાર્કટિકા સર્કલ, ઉત્તર પેસિફિક મહાસાગર, સ્કોટિયા સમુદ્ર, વેડલ સમુદ્ર, રોને આઈસ સેલ્ફ, એમૂન્ડસેન સમુદ્રમાં જોવા મળશે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ:૨૧ કલાક ૧૨ મિનિટ ૫૯ સેકન્ડ, ગ્રહણ સંમિલન : ૨૨ કલાક ૨૦ મિનિટ ૩૮ સેકન્ડ, ગ્રહણ મધ્ય ૨૪ કલાક ૧૫ મિનિટ ૦૪ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન: ૨૬ કલાક ૦૯ મિનિટ ૧૫ સેકન્ડ, ગ્રહણ મોક્ષ:૨૭ કલાક ૧૭ મિનિટ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૩૩, સંપૂર્ણ ગ્રહણ કાળ:૦૬ કલાક ૦૪ મિનિટનો રહેશે. ગ્રહણની સ્થિરતા : ૦૩ કલાક ૪૮ મિનિટ ૪૧ સેકન્ડ. આ ગ્રહણ દક્ષિણ શરીયછે. કંકણાકૃતિ ગ્રહણ ૭ મિનિટ ૨૫ સેકન્ડ છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ છતાં રાજયમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ ગામે ગામે આપનાર છે. અવકાશી ચંદ્રગ્રહણો કે સૂર્યગ્રહણો માત્રને માત્ર અવકાશી પરિભ્રમણ અને ભૂમિતિની રમત છે. ગ્રહણોની ખગોળીય ઘટનાનો વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો માટે કરે છે. આ વર્ષે વિશ્વના વૈજ્ઞાનિકો દક્ષિણ અમેરિકા, દક્ષિણ ચીલી, આર્જેન્ટીનામાં પડાવ નાખી દીધો છે. તેઓ ગ્રહણની અસરો, સંશોધનો, પશુ–પક્ષી અને તેની ગતિવિધિનો અભ્યાસ કરે છે અને ટી.વી. ઉપર ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. કરોડો માઈલ દૂર ગ્રહણ થાય છે તેની માનવજીવન ઉપર કશી જ અસર થતી નથી તેવી હકિકત મુકે છે. માનવ સુખાકારીની ચિંતા કરતા હોય છે. જયારે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જૂની રદી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ–ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સૂતક–બૂતક ઠોકી, શારીરિક–માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ કર્યુ છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન–પુણ્ય, જપ–તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ–ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા–રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં અભિયાન હાથ ધર્યુ છે.

વધુમાં એડવોકેટ પંડયાએ જણાવ્યું કે જાથાની રાજય અને રાષ્ટ્રીય કચેરી ખંડગ્રાસ અને કંકણાકૃતિ સૂર્યગ્રહણની અલભ્ય તસ્વીરો લોકો સમક્ષ મુકશે. છ કલાકની ગ્રહણની ગતિવિધિ ટી.વી. ઉપર અદભુત જોવા મળશે. ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. રાજયમાં જાથાની રાજય કચેરી અને પ્રાદેશિક કચેરી તેની શાખાઓ ગ્રહણ સંબંધી જાણકારી, લોકચળવળ ઉભી કરવા કાર્યક્રમો આપનાર છે. લેભાગુઓના ફળકથનો અને પંચાગનું ગતકડું મુકવામાં આવે છે કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ એટલે ગ્રહણ પાળવાનું નથી. આ એક પ્રકારનું ગતકડું જ છે. ભારતમાં ગ્રહણ દેખાય તો પણ પાળવાની જરૂર નથી. બોગસ લેભાગુઓ, આગાહીકારોનો વિશ્વાસ કરવો નહિ. ગ્રહણ વખતે રાશિફળકથનો, નિવારણ વિધિઓ, ભૌગોલિક અસર વિગેરે લેભાગુઓના મનની પેદાશ છે. હકિકત નથી તેથી કોઈપણ જાતના કર્મકાંડ કરવાની જરૂર નથી. જાથાએ પોતાના વિચાર રજૂ કર્યા છે, માનવું કે માનવું સૌને હક્ક છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, શુભ–અશુભ, લાભ–નુકશાન, હોની–અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક – કુદરતી નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ–તપ, અનુષ્ઠાન, પૂજાવિધ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશીર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા–દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ–હવન, જપ–તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધ:પતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની લેભાગુઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબકવાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર–દેવસ્થાન બંધ રાખવા, ગોળનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની–કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા–દેવા નથી. માનવીએ ચંદ્ર–મંગળ ઉપર પગ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર–મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃત્તિના દર્શન કરાવી તેના મંત્ર–જાપ કરી નંગની વીંટી પહેરી મુર્ખામીનું પ્રદર્શન કરે છે. જેનાથી જાથા દુ:ખી છે.

જાથાની વિચારધારા સાથે સંમત તથા માહિતી માટે મો. ૯૮૨૫૨૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહિલની યાદીમાં જણાવાયું છે.

## મહાત્મા ગાંધીની જન્મજયંતીએ


# અમરેલીના સ્વામીનારાયણ મંદિર ખાતે આજે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી

### નાયબ દંડક, સાંસદ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૧

અમરેલીના બીએપીએસ સ્વામિ નારાયણ મંદિર ખાતે બીજી ઓક્ટોબર, પૂજય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવશે. આમ, મહાત્મા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવશે. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વિડીયો કોન્ફરન્સ ના માપ્રયમથી સંબોધન કરશે.અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા અધ્યક્ષ સ્થાને રહેશે. સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય સર્વ મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવીયા, નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ–શહેરી હેઠળના સ્વચ્છતા હી સેવા–૨૦૨૪ અભિયાનની થીમ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતાની થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

# અમરેલીમાં સચવાયેલા ગાંધીજીનાં અસ્થિઓ સમાજોત્કર્ષ માટે આપે છે પ્રેરણા




મહામાનવ પૂજય મહાત્મા ગાંધીજીના અસ્થિઓ અમરેલી સ્થિત બાલભવન–ગિરધરલાલ સંગ્રહાલયમાં સચવાયેલા છે. જે જિલ્લાનાં નાગરિકો માટે ગૌરવરૂપ હોવાની સાથે પ્રેરણા સ્ત્રોત પણ છે. બીજી ઓકટોબર એટલે કે પૂજય બાપુની જયંતીએ શ્રદ્ધાંજલિ અર્પવાની સાથે પુજય બાપુનાં વિચારોને પ્રેરિત થઈ અને સ્વચ્છ ભારત મિશનના ૧૦ વર્ષ પુર્ણ થવાનાં અવસરે સ્વચ્છ ભારત દિવસ પણ ઉજવવામાં આવી રહ્યો છે. અમરેલીનું સદ્‌ભાગ્ય છે કે, ડો.હરિપ્રસાદ ભટ્ટને ગાંધી પરિવાર સાથે પારિવારિક સંબંધો હતા. તેના જ પરિણામે આજે પૂજય બાપુના અસ્થિઓ અમરેલીની ભૂમિ પર છે. જે સમાજોત્કર્ષ માટે સતત પ્રેરણા આપે છે. ગાયકવાડી નગરી અમરેલી સ્થિત બાલભવનમાં ગાંધીજીના અસ્થિઓ અમરેલીના ડો. હરિપ્રસાદ ભટ્ટ, પૂજય બાપુના દેહાંત સમયે બિરલા હાઉસ – દિલ્લીથી લઈ આવ્યા હતા. ગાંધીજીની સાથે ડો. હરિપ્રસાદ ભટ્ટના પારિવારિક સંબંધો હોવાના લીધે ગાંધી પરિવારે એક અસ્થિ કુંભ ડો. હરિપ્રસાદ ભટ્ટને પણ આપ્યો હતો. ગાંધીજી તેમના જીવનકાળ દરમિયાન અનેક વખત અમરેલીની મુલાકાત લઈ ચૂકયા હતા. ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી અને અમરેલીના વતની શ્રી ડો.જીવરાજ મહેતા પણ ગાંધીજીના અનન્ય અનુયાયી હતા. તા.૨ ઓકટોબર, ૧૯૬૯ થી તા.૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ સુધી પૂજય બાપુની જીવનયાત્રા પ્રેરણાત્મક અને આજે પણ તેમનું જીવન અનેક માટે ગુરૂમંત્ર સમાન છે.

## વિદ્યાર્થીઓમાં પ્રિય અને શિક્ષકોનાં માર્ગદર્શક
## અમરેલીનાં ગજેરા શૈક્ષણીક સંકુલના ડાયરેકટર વસંત પેથાણીનાં જન્મદિને શુભકામના

### સંસ્થા પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી



અમરેલી,તા.૧

વિદ્યાર્થીઓના પ્રિય અને શિક્ષકોના માર્ગદર્શક શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના ડાયરેકટર વસંત પેથાણીને સંસ્થા પરિવાર વતી જન્મદિવસની ખુબ–ખુબ શુભકામનાઓ

## દિલ્હી ખાતે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે શુભેચ્છા મુલાકાત કરતા મનીષ સંઘાણી



ન્યુ દિલ્હી, તા. ૧

ન્યુ દિલ્હી ખાતે ભારત સરકાર ના કેન્દ્રીય રેલ્વે મંત્રી અનિ વૈષ્ણવજી સાથે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા શુભેચ્છા મુલાકાત લીધી હતી ત્યારે રેલ્વે મંત્રી અનિ વૈષણવ જી સાથે અમરેલી જિલ્લાના રેલ્વે બોર્ડગેજના પ્રશ્નો બાબતે ચર્ચા કરી હતી અને અમરેલી થી ખીજડીયાનું બોર્ડગેજ રૂપાંતર કાર્યવેલી તકે પૂર્ણ થાય અને અમરેલી શહેરના લોકો ઝડપથી બોર્ડગેજનો લાભ મેળવે તેના માટે રજુઆત કરી હતી. આ અવસરે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંતભાઈ કોંરાટ અને રાષ્ટ્રીય ભારતીય જનતા યુવા મોરચાના કારોબારી સદસ્ય અક્ષય બંસલજી ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા ખાતે એસ.વી.એસ. કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો



લીલીયા, તા. ૧

લીલીયા ખાતે આજે S.V.S કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાય ગયો હતો. આ વિજ્ઞાન મેળામાં લાઠી, બાબરા, લીલીયા, વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિકો એ જુદી જુદી કૃતિઓ બનાવી રજુ કરી હતી. જે નિહાળવા આસપાસની શાળાઓ ના વિદ્યાર્થી ભાઈઓ બહેનો મોટી સંખ્યામાં આવેલ કૃતિ નિહાળી બાલ વૈજ્ઞાનિકોને વિવિધ કૃતિ રજુ કરવા બદલ શુભેચ્છા સહ અભિનંદન પાઠવી હતાં.

### ૭૨ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

## સરંભડા પ્રાથમિક શાળાનાં નિવૃત્ત આચાર્ય લલિતાબેનનું નિધન થયું

### સમસ્ત ગામ દ્વારા પ્રાર્થના સભા યોજાઈ



અમરેલી, તા. ૧

ચુસ્ત ગાંધીવાદી વિચારસરણીને વરેલા , સર્વોદય સંસ્થા બાબાપુરમાં શિક્ષણ લઈને આદર્શ અને શ્રેષ્ઠ શિક્ષકની નામના મેળવનાર, સરંભડા પ્રાથમિક શાળામાં ૩૦ વર્ષ સુધી શિક્ષણ કાર્ય કરી ને નિવૃત્ત થયેલા શ્રીમતી લલિતાબહેન સુહાગિયા (સુરાણી)નુ ટૂંકી બિમારી બાદ અવસાન થતા તેમના પરિવાર સહિત તેમના બહોળા પ્રમાણમાં ફેલાયેલા પારિવારિક મિત્રો, વિદ્યાર્થીઓ, સ્નેહીઓ તથા સરંભડા ગામ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૂળ ચાંદગઢ અને કેરીયાચાડના વતની પરંતુ છેલ્લા ૪૭ વર્ષથી સરંભડા ગામમાં સ્થાયી થઈને સરંભડા ગામને જ એક પરિવાર બનાવીને ગામમાં એક અનેરી સુવાસ ફેલાવી હતી. તેમનો પરિવાર પ્રથમથી જ સર્વોદય સંસ્થા જોડે જોડાયેલ હોવાથી સર્વોદય સંસ્કારોથી તેમનું જીવન ભરપૂર હતું. સર્વોદય સંસ્થા બાબાપુરના સ્વ. ગુણવંતદાદા પુરોહિત તથા સ્વ. હસુમતિબા પુરોહિતના તેઓ ચહેતા શિક્ષક હતા. છેલ્લે તેઓ સરંભડા પ્રાથમિક શાળાના આચાર્ય તરીકે નિવૃત્ત થયા હતા. તેમના પતિ કુરજીભાઈ સુરાણી પણ માધ્યમિક શાળા સરંભડામાં આજીવન આચાર્ય તરીકે સેવા બજાવીને નિવૃત્ત થયા હતા. બન્ને પતિ–પત્નિએ સરંભડાના અનેક વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને તેઓની કારકિર્દી બનાવવામાં નિષ્ઠાથી સહયોગ આપ્યો હતો. આજે સરંભડા પ્રાથમિક શાળામાં યોજાયેલ પ્રાર્થના સભામાં ગામના આગેવાનો સર્વ દલસુખભાઈ દુધાત, મોટાભાઈ સંવટ, મગનભાઈ હરખાણી, રવજીભાઈ ગઢીયા, ડો. કનુભાઈ ચોડવડીયા, મધુભાઈ દુધાત, કનુભાઈ સેંજલિયા, માવજીભાઈ બાજરીયા, ભીમજીભાઈ કાનપરીયા, વિનુભાઈ દુધાત, રાજુભાઈ કાછડીયા, મધુભાઈ હરખાણી, વિનુભાઈ વાળા, કડવાભાઈ હરખાણી , કાલી પ્રસાદ જોષી, ધીરૂભાઈ ગઢીયા , દિગંતભાઈ ઉપાધ્યાય, આશિષભાઈ ભટ્ટ, રમણીકભાઈ મોલડીયા, કમલેશભાઈ ભટ્ટ, જયંતિભાઈ સોલંકી, રણજીતભાઈ રાઠવા, અનિરૂદ્ધભાઈ કોટડીયા, મહેન્દ્રભાઈ પરમાર, રાઠોડભાઈ, સુખલાલ, પ્રાથમિક શાળાના બિનાબહેન પટેલ, કથિરીયા સમગ્ર સ્ટાફ સહિત વિશાળ સંખ્યામાં ગ્રામજનો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને તેઓને ભાવભીની શ્રદ્ધાંજલિ આપી હતી.


## જાહેર નોટિસ
### ''ના વાંધા પ્રમાણપત્ર''(એન.ઓ.સી.)બાબતે

આથી જણાવવામાં આવે છે કે, અમો પ્રિયાંગ હરજીવનભાઈ દાફડા, મુખ્ય પ્રયોજક સુચિત શ્રી અમરેલી જિલ્લા અનુસુચિત જાતિ આરોગ્ય કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી. મુ. તા. અમરેલી, જિ. અમરેલીનું કાર્યક્ષેત્ર અમરેલી જિલ્લા પુરતુ રાખેલ હોય, જેની નોંધણી દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ–અમરેલીને નોંધણી માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી આ સુચિત મંડળીના સુચિત કાર્યવિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ સહકારી મંડળીઓ "ના વાંધા પ્રમાણપત્ર"(એન.ઓ.સી.) મેળવવાનાં થતા હોય, જેથી આ સુચિત શ્રી અમરેલી જિલ્લા અનુસુચિત જાતિ આરોગ્ય કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી. મુ.અમરેલી નોંધણી દરખાસ્ત સામે જો કોઈ વાંધા સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન–૦૭માં અમોને નીચેનાં સરનામે અથવા તો જિલ્લા રજિસ્ટ્રાર સાહેબરી, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીનાં સરનામે રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે.અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધા સુચનો ન રજુ થાય તો આપને કશુ કહેવાનું નથી તેમ માની આપનું 'ના વાંધા પ્રમાણપત્ર' મળી ગયા સમાન માની નોંધણી દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

તા.૦૧/૧૦/૨૦૨૪

સ્થળ :– અમરેલી

**વાંધા સ્વિકારવાનું સ્થળ:**

(૧) સુચિત શ્રી અમરેલી જિલ્લા અનુસુચિત જાતિ આરોગ્ય કર્મચારીઓની શરાફી સહકારી મંડળી લી. ઠે.મુ. દ્વારકેશ નગર, વેસ્ટર્ન પાર્ક, ચીતલ રોડ, અમરેલી પિનકોડ નં.૩૬૫૬૦૧, જિ.અમરેલી.

(૨) જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બ્લોક – સી, ત્રીજો માળ, બહુમાળી ભવન, અમરેલી.



## શ્રી થોરખાણ ગ્રામ પંચાયત
મું. થોરખાણ, તા.બાબરા, જી.અમરેલી. મો. ૭૨૦૨ ૮૮૮૮ ૬૬, ૬૩૫૧૬ ૭૫૯૬૩

જા.નં. તા.૩૦/૦૯/૨૦૨૪

### :: જાહેર નોટિસ ::

આથી આ જાહેર નોટિસથી જાણ થાય કે ઈન્ડુસ ટાવર્સ લી ૧૪૦૧, વેસ્ટપોર્ટ, સિંધુ ભવન રોડ, થલતેજ – સીલેજ, અમદાવાદ – ૩૮૦૦૫૯,ને જણાવવાનું કે અમરેલી જિલ્લાનાં બાબરા તાલુકાનાં થોરખાણ ગામે રહેણાંક વિસ્તારમાં અનધિકૃત બિન–પરવાનગીથી પ્રવેશ કરી મોબાઈલ ટાવર ઉભું કરેલ છે.તેમને દુર કરવાની પુરતી તક આપવા છતાંય ઈન્ડુસ ટાવર્સ લીએ બિન પરવાનગીથી ઉભું કરેલ મોબાઈલ ટાવર દુર કરેલ નથી.જેથી રહેણાંક વિસ્તારમાં અનધિકૃત દબાણ કરેલ છે. જે ગામતળની જગ્યા હોય, ગુ.પંચ.ધારો ૧૯૯૩ ની કલમ ૧૦૮ (૧) મુજબ રાજય સરકાર તરફથી ગ્રામ પંચાયતને સંપ્રાપ્ત થયેલી છે. અને તેનાં ઉપરનું આવું કોઈપણ નડતર અથવા દબાણ તેમજ અનાધિકૃત રીતે બિન–પરવાનગીથી પ્રવેશ કરી ઉભું કરેલ મોબાઈલ ટાવરને દુર રવાની સતા ગુ.પંચ.ધારો ૧૯૯૩ ની કલમ ૧૦૫(૨) મુજબ ગ્રામ પંચાયતને મળેલ હોય જે મુજબ ઈન્ડુસ ટાવર્સ લીએ બિન પરવાનગીથી ઉભુ કરેલ મોબાઈલ ટાવર તમોને તમારા ખર્ચે અને જોખમે દુર કરવા છેલ્લી તક આપવામાં આવે છે. જો તેમ કરવામાં કસુર કરશો તો તારીખ : ૦૭/૧૦/૨૦૨૪ ને સોમવારના રોજ ૧૨ : ૦૦ કલાકે સ્થળ : બિન પરવાનગીથી ઉભું કરેલ મોબાઈલ ટાવરની જગ્યાએ ગ્રામ પંચાયત દ્વારા બિન પરવાનગીથી ઉભું કરેલ મોબાઈલ ટાવર દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સદરહું હુકમ મળ્યે ઈન્ડુસ ટાવર્સ લીએ અને થોરખાણ ગામનાં રહિશ શ્રી દામજીભાઈ વશરામભાઈ ધડુક વિગેરેએ પોતાનો માલ – સામાન, કિંમતી ચીજ વસ્તુઓ, જીવન જરૂરિયાતની તમામ ઉપયોગી સાધન સામગ્રી ફેરવી નાખવા જણાવવામાં આવે છે. તેમજ તમોએ કરેલ અન–અધિકૃત બિન પરવાનગીથી ઉભુ કરેલ મોબાઈલ ટાવરને ગ્રામ પંચાયત દ્વારા દુર કરતી વખતે કોઈપણ પ્રકારની નુકશાન કે જાનહાની થશે તો તેના માટે શ્રી ઈન્ડુસ ટાવર્સ લી. અને તેને જવાબદાર અધિકૃત કરેલ અધિકારી અગર વ્યકિત સંપુર્ણ જવાબદાર રહેશે તેમજ થનાર તમામ ખર્ચ ગુ.પંચ.ધારાના પ્રકરણ – ૧૦માં કરેલ જોગવાઈ મુજબ તમારી પાસેથી વસુલ કરવામાં આવશે અને સ્થળ પર જે કઈ બિન પરવાનગીથી ઉભુ કરેલ મોબાઈલ ટાવરને દુર કરતા અનુશાંગિક સામગ્રીને કે કોઈ વ્યકિતને જે કંઈ નુકશાન કે જાનહાની થશે તેમાં ગ્રામ પંચાયત કે અમો જવાબદાર રહિશું નહી તમારા ખર્ચે અને જોખમે દુર કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

આજ તારીખ : ૩૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા ગ્રામ પંચાયત કાર્યાલયનો સિક્કો કરી આપવામાં આવ્યો છે.

તા.૩૦/૦૯/૨૦૨૪

સ્થળ : ગ્રામ પંચાયત કચેરી–થોરખાણ

ગ્રામ પંચાયત–થોરખાણ

ગ્રામ પંચાયત કચેરી થોરખાણ


# અમરેલી ખાતે જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર ૧૫ દિવસીય તાલીમ શરૂ કરવામાં આવી






કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી દ્વારા ઈન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ ફોર ફર્ટીલાઈઝર ડીલર્સ એટલે કે સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષય ઉપર પંદર દિવસીય સર્ટિફિકેટ તાલીમ ઈનપુટ ડીલર મિત્રો માટે શરૂ કરવામાં આવી. જેના ઉદગાટન સમારોહમાં વિસ્તરણ શિક્ષણ નિયામક, જુ.કૃ.યુ.જુનાગઢ ડો.એન.બી. જાદવ હાજર રહી તાલીમાર્થીઓને આ કોર્સનાં મહત્વ વિષે સમજાવ્યું અને વેપારી મિત્રોને એ પણ જણાવયું કે ખેડૂતો દરેક પાકમાં ભલામણ પ્રમાણે માટી પરીક્ષણને આધારે યોગ્ય બધાજ ખાતરોનો ઉપયોગ કરે સાથે જૈવિક ખાતરો અને સુક્ષ્મ તત્વોનો પણ ઉપયોગ કરતાં થાય એવી આશા વકત કરી હતી. આ કાર્યક્રમમાં સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો.એચ.સી.છોડવડિયા, પ્રમુખ, અમરેલી જિલ્લા એગ્રો. એસોસિયેશન રમેશભાઈ કાથરોટિયા અને ઉપ પ્રમુખ, અમરેલી જિલ્લો એગ્રો એસોસિયેશન મેહુલભાઈ ધોરાજીયા પણ ઉપસ્થિત હતાં. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.પી.જે.પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ કેવીકના તમામ વૈજ્ઞાનિકો ડો.પ્રીતિબેન જયસ્વાલ, ડો.નેહાબેન તિવારી, એન.એમ.કાછડિયા અને વી.એસ.પરમાર દ્વારા આ કાર્યક્રમની ગોઠવણ કરવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમ તા.૩૦/૯/૨૦૨૪ થી ૧૫/૧૦/૨૦૨૪ સુધી આયોજન કરેલ છે. જેમાં ૬૫ ડીલર્સ મિત્રોને સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

## એકાદ-બેને બાદ કરતાં તમામ નવા વ્યકિતઓ ડાયરેકટર બન્યા

# બાબરામાં નાગરિક બેન્કની ચૂંટણીમાં હસુભાઈ પોપટની પેનલનો વિજય

### તમામ વિજેતા ડાયરેકટરમાં સૌથી વધુ મત હસુભાઈ પોપટે મેળવ્યા

### નાગરિક બેન્કની ૧૩ બેઠકમાંથી ૧૨ બેઠક ઉપર સ્વસ્તિક પેનલનો વિજય થયો

### સમર્થકો દ્વારા આતશબાજી કરી વિજયનાં વધામણા કરવામાં આવ્યા

### ભાજપ અગ્રણી ડો. કાનાબાર, પી.પી. સોજીત્રા, ધારાસભ્ય તળાવીયાએ શુભેચ્છા પાઠવી

બાબરા, તા. ૧

બાબરા શહેરની એકમાત્ર અને અતિ મહત્વની એવી સહકારી બેન્ક નાગરિક બેંકની ચૂંટણી ગત તા. ૨૯ના રોજ યોજાય હતી. જેમાં ચેમ્બર ઓફ કોમર્સના પ્રેરીત પેનલ અને અગ્રણી જીનીગ ઉદ્યોગપતિ હસુભાઈ પોપટની પેનલ સહિત તેમજ અન્ય અપક્ષો મળી કુલ ૨૭ ઉમેદવાર ઉભા રહ્યા હતા જેનું મતદાન ગત તા. ૨૯/ ૯ ને રવિવારના રોજ યોજાયું હતું. અત્યારે સુધીમાં સૌથી



વધુ મતદાન થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાગરિક બેંકની ચુંટણી છેલ્લા ૪૦ વર્ષોમાં પ્રથમવાર એવી રીતે યોજાય અને તેનું પરિણામ પણ સભાસદો દ્વારા મતલબ રૂપી સ્પષ્ટ આપતા નાગરિક બેન્કમાં વર્ષોથી એકચક્રી શાસનનો અંત આવતા નવી પેનલ વિજેતા બની છે.

બાબરાની નાગરિક બેન્ક ચૂંટણી માં ૬૯૪ મત મેળવી પેનલના મુખ્ય અગ્રણી હસુભાઈ પોપટ પ્રથમ સ્થાને રહ્યા હતા. બીજા ક્રમે નગરપાલિકા ઉપપ્રમુખ અંકુર જસાણી ૬૬૪ મત મેળવી બીજા ક્રમે રહ્યા હતા જયારે ભાવેશ પોપટ ૪૪૭ મત મેળવી ત્રીજા ક્રમે રહ્યા હતા. આમ સ્વસ્તિક પેનલના ઉમેદવારો અગ્રસ્થાને રહ્યા હતા અને સામેની પેનલ સહિત અમુક અપક્ષ ઉમેદવારનો કારમો પરાજય થયો હતો.

નાગરિક બેંકની ચુંટણીમાં હસુભાઈ પોપટ સહિત સમગ્ર પેનલનો ભવ્ય વિજય થયા બાદ શહેરમાં સમર્થકો દ્વારા ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી તેમજ બાબરા તાલુકા સહિત જિલ્લામાંથી ડો.

અનુસંધાન પાના ૬ ઉપર

## પંચાયત હસ્તકનાં માર્ગો બનાવાશે

# અમરેલી અને કુંકાવાવનાં ૧૩ ગામોમાં ૧૩ કરોડ ૫૦ લાખનાં વિકાસ કામોને મંજુરી

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમત રંગ લાવી



અમરેલી, તા. ૧

મુખ્યમંત્રી દ્વારા અમરેલી અને કુંકાવાવ તાલુકાના ૧૩ ગામોના પંચાયત હસ્તકના રસ્તાઓ અને સુવિધાપથના કુલ રૂપિયા રૂ ૧૩ કરોડ ૫૦ લાખના વિકાસકામોને મંજૂરી મળી. અમરેલી ધારાસભ્ય અને સરકારના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની મહેનત રંત લાવી.

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી

અનુસંધાન પાના ૬ ઉપર

## બપોરનાં સમયે કારેલાનુ શાક ખાધા બાદ બાળકોની તબિયત લથડી

# સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે ખાનગી શાળામાં અભ્યાસ કરતા ૪૦ વિદ્યાર્થીઓને ફુડ પોઈઝનની અસર થતા સારવારમાં

### વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં વસવાટ કરતા હોય બપોરે ભોજન લીધુ હતુ



અમરેલી, તા. ૧

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે આવેલ એક ખાનગી શાળામાં ૪૦ જેટલાં વિદ્યાર્થીઓને ફુડ પોઈજનની અસર થતાં ઉલટી ઉબકા શરૂ થતાં કેટલાંક સ્થાનિક દવાખાને તો કેટલાકને સાવરકુંડલા ખાતે સારવાર માટે ખસેડાયા છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના મોટા ઝીઝુડા ગામે આવેલ એક ખાનગી શાળામાં લગભગ ૧૦૮ જેટલાં વિદ્યાર્થીઓ બોર્ડિંગ સ્કુલમાં રહી

અનુસંધાન પાના ૬ ઉપર


## ખેલૈયાને ધરતી ધ્રુજાવા માટે સરદાર પટેલ ગૃપનું આયોજન

# અમરેલીમાં ''થનગનાટ'' રાસ રમઝટનો આવતીકાલ પ્રથમ નવરાત્રીએ દબદબાભેર પ્રારંભ

### ડેની રામાણી અને ચંદુ રામાણીનાં નેતૃત્વમાં સુખનાથ મંદિર ચોક યુવક મંડળ દ્વારા નવરાત્રિને લઈને સુંદર આયોજન

અમરેલી, તા. ૧

અમરેલીનાં તુલસ પાર્ટી પ્લોટ ખાતે ગુરૂવારથી નવરાત્રિનાં પ્રારંભે ખેલૈયાઓ મન મુકીને રાસ ગરબા રમી શકે તે માટે સરદારપટેલ ગૃપ અને સુખનાથ મંદિર યુવક મંડળ દ્વારા ''થનગનાટ'' રાસ રમઝટનુ સુંદર



આયોજન કરવામાં આવેલ છે.

યુવા અગ્રણી ડેની રામાણી અને ચંદુ રામાણીના નેતુત્વમાં યુવાનો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

## વરસાદી પાણીનો કોઈ નિકાલ નથી

# લાઠીનાં મતિરાળા ગામે ખેતરે જવાનાં માર્ગ ઉપર પાણી ભરાયા

### જવાબદાર વિભાગ યોગ્ય કરે તેવી માંગ

લાઠી, તા. ૧

લાઠીનાં મતિરાળા ગામે ખેડૂતોને ખેતર લઈ જવા આવવા ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અહીંના ધારના રસ્તે વરસાદી પાણી સતત ભર્યા રહે છે. સાથે – સાથે કાદવ કીછડનું સામ્રાજય ઉભું થાય છે. અહીં થી વાહન ચાલકો રાહદારીઓને ચાલવા મુશ્કેલ બની રહ્યું છે. વરસાદી પાણીની નિકાલની વ્યવસ્થા નથી. જેને લઈ મહિનાઓ સુધી ગંદુ પાણી ભર્યુ રહે છે. કોઈવાર વાહન સ્લિપ થઈ જાય છે. રાત્રીનાં સમયે ખૂબ જ મુશ્કેલી પડે છે. આ રસ્તે સેંકડો વાહન



ચાલકો ચાલે છે. આ રસ્તો રીપેરીંગ થાય તે સત્વરે જરૂરી છે.

## ગાગડીયા નદીમાં બનાવાયેલ બંધારાથી માર્ગમાં પાણી ભરાતા

# લીલીયામોટા : ભેંસાણ ગામ પંચાયતનાં સદસ્યો અને ગ્રામજનોએ ગ્રામ સભાનો કર્યો બહિષ્કાર

### ખેડૂતો અને ગામજનોને કેડિયા ગામ જવાનો માર્ગ બંધ થતા પરેશાની

અમરેલી, તા.૧

લીલીયા મોટા તાલુકાની ભેંસાણ ગામ પંચાયતનાં સદસ્યોએ આવતીકાલ યોજામારી ગ્રામસભાનો બહિષ્કાર કર્યો છે.

ગ્રામ પંચાયતનાં સરપંચે જણાવેલ છે કે, ભેંસાણ ગામે આવેલ ગાગડીયા નદીમાં બાંધવામાં આવેલ બંધારા (બંધ) ના કારણે કેડીયા જવાનો માર્ગ પાણી ભરાતા બંધ થઈ ગયેલ છે. આથી ખેડૂતોને પોતાનાં ખેતરે જવામાં તથા વાહનો લઈ જવામાં ભારે મુશ્કેલીઓ પડે છે. આ રસ્તામાં કેડ સુધીનું પાણી ભરાયેલ હોવાથી તથા ચાલવું મુશ્કેલ છે. આ રસ્તા સિવાય અન્ય કોઈ માર્ગ નથી આ પ્રુશ્નનાં લીધે ગામ લોકો તથા પંચાયતનાં સભ્યોએ ગ્રામસભાનો બહિષ્કાર કર્યો છે.












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)